**AIY**

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name Of The Post** | **Assistant Professor, Gujarati in Government Arts, Science & Commerce College, GES, Class-2** |
| **Advertisement No** | **86/2018-19** |
| **Preliminary Test Held On** | **18-08-2019** |
| **Que. No.** | **001-300( GS & Concerned Subject)** |
| **Publish Date** | **19-08-2019** |
| **Last Date To Send Suggestion (S)** | **27-08 -2019** |

# Note:-

**(1) All Suggestions are to be sent with reference to website published Question paper with Provisional Answer Key Only.**

**(2) All Suggestions are to be sent in the given format only.**

**(3) Candidate must ensure the above compliance.**

(૧) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો ઉપયોગ કરવો.

(૨) ઉમેદવારોએ પોતાને પરીક્ષામાં મળેલ સીરીઝની પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્ન ક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા

(3) ઉમેદવારોએ ઉક્ત સૂચનાનું અચૂક પાલન કરવું અન્યથા વાંધા-સૂચનો અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહી.

001. અજંતા અને મહબલિપુરમ્ નામે જાણીતા બે ઐતિહાસિક સ્થાનોમાં કઈ બાબતો સમાન છે ?

1. બંને એકજ સમયકાળમાં નિર્મિત થયેલ હતા.

2. બંને એકજ ધાર્મિક સંપ્રદાય સાથે સંબંધિત હતા.

3. બંનેમાં શિલાકૃત સ્મારકો છે.

નીચેના કોડનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1, 2
(B) માત્ર 3
(C) માત્ર 1, 3
(D) આમાંથી એક પણ નહીં

002. ભારતના કલા અને પુરાતાત્વિક ઈતિહાસના સંદર્ભમાં નીચેનામાંથી કયા એકનું સૌપ્રથમ નિર્માણ કરાયું હતું ?

(A) ભુવનેશ્વર સ્થિત લિંગરાજ મંદિર
(B) ધોલી સ્થિત ખડકમાંથી બનાવાયેલ હાથી
(C) મહાબલિપુરમ્ સ્થિત ખડકનું સ્મારક
(D) ઉદયગિરિ સ્થિત વરાહમૂર્તિ

003. કયા વિશાળ મંદિરની શરૂઆતની અભિકલ્પના અને નિર્માણ સૂર્યવર્મન બીજા ના શાસનકાળમાં થઈ ?

(A) શ્રી મરિયમ્મન મંદિર
(B) બટુ ગુફા મંદિર
(C) અંગકોરવાટ મંદિર
(D) કામાખ્યા મંદિર

004. સિંધુ ઘાટી સભ્યતામાં નીચેના પૈકી કયું ઘરેણું પુરૂષો નહિ, પરંતુ માત્ર મહિલાઓ દ્વારા પહેરવામાં આવતુ હતું ?

(A) હાર
(B) વીંટી
(C) બાજુબંધ
(D) કુંડળ (બુટ્ટી)

005. આ લોક ચિત્રકલામાં કેવળ મહિલા કલાકારોનો એકાધિકાર હોય છે, અને તેમાં પ્રતિકાત્મક ચિત્રો જોવા મળે છે. તેમાં ચિત્રો દ્વિઆયામી (2D) પ્રભાવમાં છે તેમજ અંતરાલો (gap) ને ચિત્રો અને પેટર્ન વડે ભરવામાં આવે છે.

(A) વારલી ચિત્રકળા
(B) મધુબની ચિત્રકળા
(C) મંજુલા ચિત્રકળા
(D) થંગડા ચિત્રકળા

006. 'યુનેસ્કો વર્લ્ડ હેરિટેઝ સાઈટ' પસંદગી માટે નીચેના પૈકી કયા માપદંડ છે ?

(A) માનવ સર્જનાત્મક બુદ્ધિ પ્રતિભાની શ્રેષ્ઠકૃતિ

(B) ઉત્કૃષ્ટ ઉદાહરણ સ્વરૂપ ઈમારતનો પ્રકાર, સ્થાપત્યકળા અથવા ટેકનોલોજીના એકંદરે પરિણામનું રૂપ અથવા પ્રાકૃતિક દૃશ્ય (જમીન ઉપરનું)

(C) બંને (A) અને (B)

(D) A પણ નહિ B પણ નહિ

007. ગુરજરાતમાં નીચેના પૈકી કયા સિક્કાઓ મળી આવ્યા હતા ?

1. પંચ ચિન્હીત સિક્કા (Punch Marked Coin)

2. સાસાનિયન સિક્કા (Sassanian Coin)

3. ભારતીય યુનાની સિક્કા (Indo-Greek Coin)

4. ક્ષત્રપ સિક્કા (Kshatrap Coin)

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 3 અને 4
(D) 1, 2, 3 અને 4

008. નંદલાલ બોઝ દ્વારા દોરવામાં આવેલ ભીંત ચિત્રો/ભિતિ ચિત્રો ક્યાં જોવા મળે છે ?

(A) કીર્તિ મંદિર – વડોદરા

(B) લક્ષ્મી વિલાસ પેલેસ – વડોદરા

(C) કીર્તિ મંદિર – પોરબંદર

(D) ઉપરના પૈકી કોઈ નહિં

009. 'માતાની પેચેડી'ના સંદર્ભમાં નીચેના પૈકી કયું/કયા વિધાન સાચું/સાચા છે ?

1. તે દેવીનું મંદિર બનાવતી કપડા ઉપરની કલા છે.

2. ગુજરાતના દેવીપૂજક જાતિના લોકોએ પ્રથમ વખત તૈયર કરી.

3. આ ચાતુર્ય સમાધાન માતાની પેચેડી, પવિત્ર કળા તેનુ મૂળ હોવાનુ માનવામાં આવે છે.

(A) ફક્ત 1 અને 3

(B) 1, 2 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) ફક્ત 1 અને 2

010. નીચેના ગુજરાતી સાહિત્યકારો પૈકી, ગુજરાતમાંથી કોને પ્રથમ જ્ઞાનપીઠ એવૉર્ડ અપાયેલ છે ?

(A) મહેન્દ્ર પંડ્યા

(B) સુરેશ દલાલ

(C) ઉમાશંકર જોશી

(D) દલપતરામ

011. નીચેના પૈકી કયો તાંબુ પ્લેટ શિલાલેખ છે ?

(A) મૈત્રકાસનો વલ્લભી શિલાલેખ

(B) રૂદ્રદામનનો જુનાગઢ શિલાલેખ

(C) અશોકનો જુનાગઢ શિલાલેખ

(D) ઉના શિલાલેખ

012. નીચેના પૈકી કઈ જોડી ખોટી રીતે જોડાયેલ છે ?

(A) રાયચંદ દિપચંદ લાયબ્રેરી – ભરૂચ

(B) સ્ટુઅર્ટ પબ્લીક લાયબ્રેરી – સૂરત

(C) લેન્ગ લાયબ્રેરી – રાજકોટ

(D) ઉપરની તમામ

013. દેલવાડાના પ્રસિદ્ધ જૈન મંદિરો ............ દ્વારા બાંધવામાં આવેલ હતા ?

(A) પરમાર

(B) ચંદેલા

(C) સોલંકી

(D) ચૌહાણ

014. પ્રાચિન ભારતમાં નીચેના પૈકી કયા શિક્ષણ કેન્દ્રો હતા ?

1. તક્ષશિલા

2. કાશી

3. કાંચિ

4. પાટલીપુત્ર

(A) ફક્ત 1, 2 અને 4

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

015. યાદી I સાથે યાદી II જોડો અને નીચેના કોડનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો.

| યાદી I | યાદી II |
|---|---|
| 1. કુંવર સિંહ | a. ગ્વાલિયર ખાતે બ્રિટીશ આર્મી સામે લડતા મૃત્યુ |
| 2. નાના સાહેબ | b. ઈજાઓ થવાનો કારણે તેના/તેણીના પૂર્વજોના ઘર ખાતે મૃત્યુ |
| 3. બકત ખાન | c. નેપાલ તરફ નાસીગયા |
| 4. રાણી લક્ષ્મીબાઈ | d. અવધ ખાતે બ્રિટીશો સામે લડતા મૃત્યુ |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(C) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(D) 1 - b, 2 - c, 3 - d, 4 - a

016. નીચેના પૈકી કઈ જોડી ખોટી રીતે જોડાયેલ છે ?

| શાસક | | રાજવંશ |
|---|---|---|
| (A) બિમ્બીસાર | - | મગધ |
| (B) બિંદુસાર | - | મૌર્ય |
| (C) દેવભૂતિ | - | શુંગા |
| (D) વસુમિત્ર | - | કાનવા |

017. રાજકોટ સ્ટેટ ના પ્રથમ સુધારક (Reformer) કોણ હતા ?

(A) બાવજીરાજ
(B) વિભોજી જોડેજા
(C) લાખાજી રાજ
(D) ધર્મેન્દ્રસિંહ

018. મહંમદ ગઝનીએ જ્યારે સોમનાથ ઉપર ચઢાઈ કરી ત્યારે નીચેના પૈકી ગુજરાતમાં ચૌલુક્ય વંશના શાસકો પૈકી કોણ હતા ?

(A) જયસિંહા સિદ્ધરાજ
(B) ભીમદેવ
(C) કુમારપાળ
(D) સુખપાલ

019. સોલંકી શાસન (વહીવટ)માં ‘વેરાકુલ’ (Verakul) ………… ના મંત્રી હતા.

(A) રેવન્યુ
(B) ન્યાય
(C) બંદરો
(D) વિદેશી બાબતો

020. ગુજરાત ઉપર શાસન કરનાર નીચેના પૈકી રાજવંશો (Dynasties) ને કાલ ક્રમાનુસાર ગોઠવો.

1. શક 2. યાદવ 3. મૈત્રક 4. મૌર્ય

(A) 4, 1, 3, 2
(B) 2, 4, 1, 3
(C) 3, 2, 1, 4
(D) 1, 4, 2, 3

021. મહાગુજરાત જનતા પરિષદની સ્થાપના કયા વર્ષમાં થયેલ હતી ?

(A) 1950
(B) 1953
(C) 1956
(D) ઉપરના પૈકી એક પણ નહિં

022. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના ………… દ્વારા થયેલ હતી.

(A) એ. કે. ફોર્બસ
(B) નર્મદ
(C) દલપતરામ
(D) ઉપરના પૈકી કોઈ પણ નહિં

023. ભારતમાં પોર્ટુગીઝ સત્તાની ભવિષ્યની મહત્તાનો પાયો નીચેના પૈકી કોણે નાખ્યો ?

(A) વાસ્કો-દ. ગામા
(B) આલ્ફાન્ઝો અલબુકર્ક
(C) માર્ટિન આલ્ફાન્ઝો
(D) દ અલ્મિડા

024. સ્વરાજ પક્ષના પ્રથમ સેક્રેટરી કોણ હતા ?

(A) મોતીલાલ નહેરૂ
(B) સી. આર. દાસ
(C) વી. જે. પટેલ
(D) એન. સી. કેલકર

025. નીચેના વિધાનો પૈકી કયુ વિધાન ખોટું છે ?

(A) સિંધુ નદી તિબેટના ઉચ્ચ પ્રદેશથી ઉદ્ભવે છે.
(B) ઝેલમ નદી કાશ્મીર ખીણમાં ઉદ્ભવે છે.
(C) રાવી નદી હિમાચલ પ્રદેશની કુલુ ટકેસ્તરીઓથી નીકળે છે.
(D) સતલજ નદી પીર પંજાલ થી ઉદ્ભવે છે.

026. નીચેના રાજ્યોમાંથી ‘કર્કવૃત્ત’ કયા રાજ્યને સ્પર્શ થતો નથી ?

(A) ત્રિપુરા
(B) રાજસ્થાન
(C) મણિપુર
(D) ગુજરાત

027. 2011 ની વસ્તી ગણત્રી મુજબ ગુજરાતમાં વસ્તીની ગીચતામાં નીચેના પૈકી, કયું સાચા ઉતરતા ક્રમમાં રજુ કરે છે ?

(A) સૂરત, આણંદ, અમદાવાદ, ગાંધીનગર જિલ્લાઓ
(B) સૂરત, અમદાવાદ, આણંદ, ગાંધીનગર જિલ્લાઓ
(C) સૂરત, ગાંધીનગર, અમદાવાદ, આણંદ જિલ્લાઓ
(D) અમદાવાદ, સૂરત, ગાંધીનગર, આણંદ જિલ્લાઓ

028. ગુજરાતમાં નીચેના પૈકી કયું એક દરિયાઈ બંદર રસાયણો અને પેટ્રોકેમીકલ્સના ઉત્પાદનોના વહન માટે સૌથી મોટા બંદર તરીકે વિકસાવાયેલ છે ?

(A) કંડલા
(B) ઓખા
(C) હઝીરા
(D) દહેજ

029. ભારતનો કયો દરિયા કિનારો/કાંઠો ઉત્તર-પૂર્વ ચોમાસાથી વરસાદ મેળવે છે ?

(A) કોંકણ દરિયા કિનારો
(B) મલબાર દરિયા કિનારો
(C) કોરોમંડલ દરિયા કિનારો
(D) ગુજરાત દરિયા કિનારો

030. 2011ની વસ્તી ગણત્રી પ્રમાણે અસર કારક સાક્ષરતા દર ............ છે.

(A) 62.5%
(B) 50.5%
(C) 74%
(D) 49%

031. નીચેની નદીઓ પૈકી ગુજરાતમાં લાંબામાં લાંબી નદી કઈ છે ?

(A) દમણ ગંગા
(B) કેરી
(C) રૂપેણ
(D) પૂર્ણા

032. આપણા દેશમાં કુદરતી સુપ્ત શક્તિઓને કામમાં લઈ ભરતી ઉર્જા મેળવવા માટે નીચેના પૈકી કયા સંભવનીય છે ?

(A) મન્નારનો અખાત/ઉપસાગર
(B) કેરલા દરિયા કિનારો
(C) પુલીકટ સરોવર
(D) ખંભાતનો અખાત

033. નીચેના ગ્રહો પૈકી કયો ગ્રહ સૂર્યનું પરિભ્રમણ પશ્ચિમથી પૂર્વ કરતો નથી ?

(A) બુધ (Mercury) (B) મંગળ (Mars)

(C) ગુરૂ (Jupiter) (D) શુક્ર (Venus)

034. નીચેના પૈકી કયુ રાજ્ય મહી નદીના વિવાદનો ભાગ નથી ?

(A) ગુજરાત (B) રાજસ્થાન

(C) મહારાષ્ટ્ર (D) મધ્યપ્રદેશ

035. નીચેના ગ્રહો પૈકી કયા ગ્રહને સૌથી વધુ સંખ્યામાં કુદરતી ઉપગ્રહો અથવા ચંદ્ર છે.

(A) મંગળ (Mars) (B) શનિ (Saturn)

(C) ગુરૂ (Jupiter) (D) શુક્ર (Venus)

036. નીચેના ભારતના રાજ્યો પૈકી કયુ રાજ્ય આ દેશનું સૌથી જુનુ ખડક રચના બંધારણ (rock formation) ધરાવે છે ?

(A) કર્ણાટક (B) આસામ

(C) બિહાર (D) ઉત્તરપ્રદેશ

037. મુદ્રા બેન્ક સંબંધિત નીચેના પૈકી કયુ વિધાન ખોટું છે ?

(A) મુદ્રા માઈક્રો એકમોના વિકાસ માટે ફાઈનાન્સિંગ એજન્સી છે.

(B) રૂા. 3000 કરોડ, ક્રેડીટ ગેરંટી ભંડોળ સાથેની બેન્ક

(C) ધિરાણ અગ્રીમતા એસ. સી./એસ. ટી. ને આપવામાં આવશે.

(D) ઉપરના પૈકી એક પણ નહિં

038. વેપારી બેન્કો (Commercial Bank)ના ખરાબ લોન (Bad loans)ના પ્રશ્નોને હલ કરવા, ભારત સરકાર અને રીઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયા ત્રિપક્ષીય વ્યુહ રચના (Strategy) નુ આયોજન કરી રહી છે.

(A) બેન્ક બાય બેન્ક ક્લીન અપ

(B) નબળો દેખાવ કરતી બેન્કોને બંધ કરવી

(C) મિલ્કત અદલ બદલ (વિનિયમ) (Assets Swaps)

(D) બેડ બેન્કની સ્થાપના

039. ભારતીય અર્થતંત્રના નીચે દર્શાવેલ સેવા ક્ષેત્રો પૈકી કયા નિકાસ સેવા ક્ષેત્રની સેવાઓ, ઊંચી ટકાવારી નો હિસ્સો ધરાવે છે.

(A) કોમ્પ્યુટર હાર્ડવેર (B) કાયદા વિષયક સલાહ (Legal Consultancy)

(C) કોમ્પ્યુટર સોફ્ટવેર (D) ઉપરના પૈકી એક પણ નહિં.

040. નીચેના પૈકી કયા કારણો/પરિબળો દેશના બેલેન્સ ઓફ પેમેન્ટ (લેણ દેણની તુલા)ની ગણત્રી કરવા માટે ધ્યાને લેવાય છે ?

(A) ચાલુ ખાતા

(B) વિદેશી હુડિયામણ અનામતમાં ફેરફાર

(C) ભૂલ ચૂક અને બાદબાકી/ભૂલો અને ચુકવણીઓ બાકાત (Errors and omissions)

(D) ઉપરના પૈકી તમામ

041. ચલણયુદ્ધ (કરન્સી વૉર) એ એવી પરિસ્થિતિ સૂચવે છે કે જેમાં દેશો ...........માં સંતુષ્ટ થાય છે.

(A) એમેઝીંગ ડોલર્સ (ડોલર જમા કરવા/સંચય કરવો) (Amassing dollars)

(B) સોનાનો સંગ્રહ

(C) તેમની સંબંધિત ચલણ મૂલ્યમાં ઘટાડો

(D) તેમના ચલણની નિઃશુલ્ક રૂપાંતરણ માન્ય કરવું (Allowing free convertibility of their currencies)

042. કયા પ્રકારની બેરોજગારી પૂર્ણ રોજગારીની સ્થિતિમાં ઉદ્‌ભવી શકે છે ?

(A) માળખાગત રોજગારી (Structural)

(B) ચક્રિયગત બેરોજગારી (Cyclical)

(C) કાર્યાત્મક બેરોજગારી (Functional)

(D) પ્રચ્છન્ન (છૂપી કે ગર્ભિત) બેરોજગારી (Disguised)

043. ગ્રોસ નેશનલ પ્રોડક્ટ (GNP) અને નેટ નેશનલ પ્રોડક્ટ (NNP) વચ્ચેનો તફાવત ............ બરાબર છે.

(A) ટકાઉ માલ ઉપર ગ્રાહક ખર્ચ (Consumer expenditue on durable goods)

(B) પ્રત્યક્ષ કરવેરા આવક (Direct tax revenue)

(C) પરોક્ષ કરવેરા (Indiret tax revenue)

(D) મૂડી ઘસારો (Capital depreciation)

044. ગુજરાતના સને 2018-19ના અંદાજપત્ર (Budget)માં ............ રૂા. ની મહેસૂલી પૂરાંત (Revenue surplus) તરીકે અંદાજવામાં આવેલ છે.

(A) અંદાજે 5998 કરોડ

(B) 7000 કરોડથી વધુ

(C) આવકનો વધારો નથી

(D) માત્ર 5 (પાંચ) કરોડ

045. નીચેના પૈકી કયા લક્ષણો ‘‘પરંપરાગત કૃષિ વિકાસ યોજના’’ અંગે સાચા નથી ?

(A) તે જૈવિક (આર્ગેનિક) ખેતીને ઉત્તેજન આપવા પ્રયત્ન કરે છે.

(B) મુખ્યત્વે નિકાસલક્ષી ખેડૂતના ગૃપને સહાય આપવામાં આવશે.

(C) જૈવિક (Organic) પાકોનું ઉત્પાદન મુખ્યત્વે નિકાસના હેતુ માટે કરવામાં આવશે.

(D) જૈવિક પ્રમાણીતતા (Organic certification) માટે થતો ખર્ચ સરકાર દ્વારા ભોગવવામાં આવશે.

046. અસંગઠીત કામદારો માટેની સ્વાવલંબન પેન્શન યોજના ............ સાથે મર્જ કરી દેવામાં આવેલ છે.

(A) પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના

(B) અટલ પેન્શન યોજના

(C) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના

(D) નેશનલ ફેમીલી બેનીફીટ યોજના

047. મહાલનોબિસ મોડેલ (Mahalnobis model) ...........ની સ્થાપના ઉપર ભાર મૂકે છે.

(A) ગ્રાહકલક્ષી માલ ઉદ્યોગો (Consumer goods industries)

(B) નિકાસલક્ષી ઉદ્યોગો

(C) ખેતી આધારિત ઉદ્યોગો

(D) મૂડી અને પાયાના માલ ઉદ્યોગો (Capital and basic goods industries)

048. માનવ વિકાસ સૂચકાંક (Index)માં આરોગ્ય પરિમાણ ............ દ્વારા નક્કી કરવામાં આવે છે.

(A) બાળ મૃત્યુ દર (infant mortality rate)

(B) જીવન ધારણા દર (life expectancy rate)

(C) મૃત્યુ દર

(D) ઉપરના પૈકી એક પણ નહિં

049. ભારતમાં ડીઝીટલ વ્યવહારોને ............ દ્વારા પ્રોત્સાહન/ઉત્તેજન આપવામાં આવે છે.

(A) UPI આધારિત BHIM (ભીમ) એપનું લોન્ચીંગ

(B) ભાગ્યશાળી ગ્રાહક યોજના અને દિગી ધન વ્યાપાર યોજનાનું અનાવરણ

(C) IRCTC મારફતની ઈ-ટીકીટ માટે સર્વિસ ચાર્જની નાબૂદી

(D) ઉપરના પૈકી તમામ

050. ભારત સરકારે રશિયા સાથે રૂા. 200 કરોડની ડીલ 'સ્ટ્રમ એટકા' (Strum Ataka) મેળવવાના સોદા પર હસ્તાક્ષર કર્યા છે તે ............ છે.

(A) એન્ટી ટેન્ક મિસાઈલ્સ

(B) સબ મશીનગન્સ

(C) હેલીકોપ્ટર્સ

(D) ફ્રિગેટસ્

051. તાજેતરમાં પૂર્ણ થયેલ દ્વિપક્ષીય એર ફોર્સ એકસરસાઈઝ ગરૂડ-VI, ભારત અને ............ દેશ વચ્ચે યોજાયેલ હતી.

(A) ફ્રાન્સ

(B) ઈંગ્લેન્ડ

(C) ઈન્ડોનેશિયા

(D) યુ.એસ.એ.

052. ઈન્ડીયન કાઉન્સિલ ઓફ મેડીકલ રીસર્ચ એ 'બીન ચેપી રોગો' (Non communicable Diseases) ઉપર અહેવાલ પ્રસિદ્ધ કરેલ છે આ સંદર્ભે નીચેના પૈકી કયા/કયું વિધાન સાચું/સાચાં નથી ?

1. અહેવાલનું શિર્ષક "ભારત : રાષ્ટ્રના રાજ્યોનું આરોગ્ય"

2. બીન ચેપી રોગોના લીધે ભારતમાં કુલ મૃત્યુ દર 2016માં 61.8% હતો.

3. બીન ચેપી રોગોના કેટલાક ઉદાહરણો છે હાયપરટેન્શન, ક્ષય અને કેન્સર

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3

(D) ઉપરના પૈકી કોઈ નહિં

053. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ (ICJ) ખાતે ભારત તરફથી શ્રી કુલભૂષણ જાદવના કેસમાં નીચેના પૈકી કયા વકીલે દલીલો કરી ?

(A) પોલી એસ. નરીમાન

(B) હરિશ સાલ્વે

(C) મુકુલ રોહતગી

(D) રોહિન્તન નરીમાન

054. 'એક રાષ્ટ્ર એક રેશન કાર્ડ' યોજના સમગ્ર દેશમાં ............થી ઉપલબ્ધ થશે.

(A) ઓક્ટોબર 2019

(B) ડીસેમ્બર 2019

(C) જાન્યુઆરી 2020

(D) જુલાઈ 2020

055. ભારતના વડાપ્રધાન શ્રીએ તાજેતરમાં જી-20 (G-20) સમિટમાં ભાગ લીધો. આ સમિટ ............ ખાતે યોજાયેલ હતી.

(A) ઓસાકા, જાપાન

(B) ટોરેન્ટો, કેનેડા

(C) મ્યુનિચ, જર્મની

(D) રિયાધ, સાઉદી અરેબિયા

056. ભારત સરકારે આરોગ્ય સેવાઓ ખર્ચ, જી.ડી.પી. (GDP)ના 2.5% જેટલો વધારવાનો લક્ષ્યાંક ............ સુધી રાખેલ છે.

(A) 2020

(B) 2022

(C) 2025

(D) 2027

057. "વિશિષ્ટ પ્રકારનું ગેંડા સંરક્ષણ બળ" ............ રાષ્ટ્રીય ઉદ્યાન (નેશનલ પાર્ક) ખાતે સ્થપાયેલ હતું.

(A) કાઝીરંગા

(B) જિમ કોર્બેટ

(C) રાજાજી

(D) ઉપરના તમામ

058. ઈન્ડીયા (ભારત) પાંચ મિલિયન ડોલરનું યોગદાન યુ એન ને ........... ની શરણાર્થી એજન્સીને આપવાનું વચન આપે છે.

(A) સિરીયા

(B) મ્યાનમાર

(C) જી બુતી (જીબૌત્રી)

(D) પેલેસ્ટાઈન

059. ધી યુનિક આઈડેન્ટીફીકેશન ઓથોરીટી ઓફ ઈન્ડીયા (UIDIA) એ તેનુ પ્રથમ આધાર સેવા કેન્દ્ર (ASKS) ..........માં પાયલોટ પ્રોજેક્ટ તરીકે કાર્યરત કરેલ છે.

(A) મુંબઈ અને બેંગલોર

(B) દિલ્હી અને વિજયવાડા

(C) અમદાવાદ અને કોચિન

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

060. ભારતીય રેલ્વે દ્વારા ભારતમાં સૌથી લાંબી વિદ્યુતિકૃત સુરંગ (Electrified tunnel)નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ટનલ ........... રેલ્વે ઝોન હેઠળ નિર્માણ થયેલ છે.

(A) સાઉથ સેન્ટ્રલ રેલ્વે

(B) સધર્ન (દક્ષિણનું)

(C) નોર્ધન (ઉત્તરનું)

(D) ઉપરના પૈકી કોઈ નહિં

061. તાજેતરમાં નીતિ આયોગે એગ્રીકલ્ચરલ માર્કેટીંગ એન્ડ ફાર્મર ફ્રેન્ડલી રીફોર્મસ ઈન્ડેક્ષ 2019 લોન્ચ કર્યો, જેમા ગુજરાત ............ માં ક્રમે છે.

(A) પહેલા

(B) ત્રીજા

(C) બીજા

(D) ચોથા

062. 'ફેશનોવા' ભારતના પ્રથમ ડિઝાઈન વિકાસ કેન્દ્રની શરૂઆત ............ શહેરમાં કરવામાં આવી છે.

(A) વારંગલ, તેલંગાણા

(B) સૂરત, ગુજરાત

(C) આસનસોલ, પશ્ચિમ બંગાળ

(D) એમેઠી, ઉત્તરપ્રદેશ

063. 'સ્પ્રાઈટસ્' સંદર્ભમાં નીચેના પૈકી કયુ/કયા વિધાન સાચું/સાચા છે ?

(A) એ વિશ્વના સૌથી નાના આંતરરાષ્ટ્રીય અવકાશયાનના પ્રોટોટાઈપ છે ઓછી પૃથ્વીની ભ્રમણકક્ષા પ્રાપ્ત કરનાર એકજ સર્કિટ બોર્ડ પર બનેલ.

(B) ઈસરો (ISRO) દ્વારા આ લૉન્ચ કરાયેલ છે.

(C) (A) અને (B) બંને

(D) (A) પણ નહિં અને (B) પણ નહિં

064. નીચેના ઘટકો પૈકી કયું એક આપત્તિ વ્યવસ્થાપનનો ભાગ નથી ?

(A) પુનઃપ્રાપ્તિ (Recovery)

(B) પ્રતિક્રિયા (Response)

(C) તૈયારી (Preparedness)

(D) બીજાથી અલગ પાડવુ (Segregation)

065. વેબ પેજ એડ્રેસ નું નામ શું છે ?

(A) ડિરેક્ટરી

(B) પ્રોટોકોલ

(C) યુઆરએલ (URL)

(D) ડોમેન (Domain)

066. સ્ત્રી પુરૂષના પ્રજોત્પાદન (Sexual Reproduction) દરમિયાન બે રંગ સૂત્રો (ક્રોમોઝોમ્સ) વચ્ચે ઉત્પત્તિ સંબંધિત પદાર્થોના વિનિમયની અસાધારણ ઘટનાને ........... કહે છે.

(A) ક્રોમોસોમલ રીકોમ્બીનેશન (Chromosomal recombination)

(B) ક્રોમોસોમલ ક્રોસઓવર (Chromosomal crossover)

(C) ક્રોમોસોમલ ટ્રાન્સલોકેશન (Chromosomal translocation)

(D) ક્રોમોસોમલ રીએરેન્જમેન્ટ (Chromosomal Rearrangement)

067. ભારતીય વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝ કયા ક્ષેત્રમાં તેમના કાર્યો માટે ખ્યાતનામ છે ?

(A) થર્મોડાયનેમીક પ્રોપર્ટીઝ ઓફ એલીમેન્ટ્રી પાર્ટીકલ્સ (Thermodynamic properties of elemantry particles)

(B) એટૉમિક અને ન્યુક્લીયર રીસર્ચ

(C) રેડિયો અને માઈક્રોવેવ ઓપ્ટીક્સ

(D) ઉપરના પૈકી કોઈ નહિં

068. નીચેના પૈકી કયા પ્રકારનો કોલસો કાર્બન ટકાવારી ના સંદર્ભે ઊંચો ક્રમાંક ધરાવે છે ?

(A) એન્થ્રાસાઈટ (સખત કોલસો) (Anthracite) (B) બિટ્યુમિનસ (Bituminous)

(C) લિગનાઈટ (Lignite) (D) કોલસો (Coal)

069. ડેસિબલ્સ એ નીચેના પૈકી શાનુ એકમ છે ?

(A) અવાજ દબાણ સ્તર (Sound pressure level) (B) અવાજ દબાણ (Sound pressure)

(C) ઘોંઘાટ (Loudness) (D) ઘોંઘાટ નું સ્તર (Loudness level)

070. નીચેના રોગો પૈકી કયો રોગ વાયરસ (સુક્ષ્મ જંતુ) વડે થાય છે ?

(A) ઓરી (Measles) (B) ગાલ પચોળિયા (Mumps)

(C) કંઠમાળ (Diptheria) (D) હડકવા (Rabies)

071. સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મરીન કેમીકલ્સ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, ગુજરાતમાં નીચેના પૈકી કયા સ્થળે આવેલી છે ?

(A) ગાંધીનગર (B) ભાવનગર

(C) જામનગર (D) રાજકોટ

072. ચંદ્રયાન-IIના રોવરને શું નામ આપવામાં આવેલ છે ?

(A) વિક્રમ (B) પ્રજા (Praja)

(C) પ્રજ્ઞાન (D) પ્રતિભા

073. ભારતના બંધારણના અનુચ્છેદ 19માં પ્રેસની સ્વતંત્રતાના સંદર્ભે કયુ (વિધાન) સાચું છે ?

(A) તે સ્પષ્ટપણે જણાવેલ નથી.

(B) તેમા લખવાની અને પ્રકાશન/પ્રસિદ્ધિ કરવાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

(C) વાણી અને અભિવ્યક્તિની સામાન્ય સ્વતંત્રતામાંથી નીકળે છે.

(D) તમામ સાચા છે.

074. ધી લોકપાલ એન્ડ લોકાયુક્ત એક્ટ 2013 મુજબ લોકપાલના અધ્યક્ષ અને લોકપાલના સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા, પસંદગી સમિતિની ભલામણો મેળવ્યા બાદ કરવામાં આવશે. નીચેના પૈકી કયા પસંદગી સમિતિના સભ્ય તરીકે હશે નહિં.

(A) વડાપ્રધાન
(B) મુખ્ય ચુંટણી કમિશ્નર
(C) વિપક્ષના નેતા
(D) ભારતના મુખ્ય ન્યાયાધીશ

075. નીચેના પૈકી કઈ બાબત 9 (નવમાં) બંધારણીય સુધારા સંબંધિત છે.

(A) બેરૂબાડી યુનિયન વિસ્તાર પાકિસ્તાનને હસ્તાંતર કરાયો.
(B) રાજ્યોનું પુનર્ગઠન
(C) નોંધણી દ્વારા નાગરીકતા મેળવવી
(D) આ પૈકી એક પણ નહીં

076. ભારતમાં નવા મંત્રાલય અથવા વિભાગની રચના કરવાનુ કામ ........... નું છે.

(A) ન્યાય તંત્ર (Judiciary)
(B) વહીવટી (Executive)
(C) ધારાકીય (Legislative)
(D) ઉપરના પૈકી તમામ

077. નીચેના પૈકી કયા એક પાસે, કોઈ પ્રદેશ/વિસ્તારને મ્યુનિસિપાલીટી અથવા મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા પંચાયત તરીકે રચવાની સત્તા છે ?

(A) કેન્દ્ર સરકાર
(B) વિભાગીય કમિશ્નર
(C) જિલ્લા કલેક્ટર
(D) રાજ્ય સરકાર

078. કેટલા વર્ષના સમયગાળામાં મહિલા તેણીના પતિ વિરૂદ્ધ દહેજ સતામણીનો કેસ કરી શકે છે ?

(A) ત્રણ
(B) પાંચ
(C) સાત
(D) નવ

079. ભારતની વિદેશનીતિમાં “ધી ગુજરાત ડૉક્ટ્રિન” Gujarat Doctrine ........... નો નિર્દેષ કરે છે.

(A) પૂર્વની નીતિ જુઓ (Look east policy)
(B) પડોશી દેશો સાથે સારા સંબંધો (Good neighbouring relation)
(C) સર્વગ્રાહી/વ્યાપક અણુ કેન્દ્ર સંબંધી નિઃશસ્ત્રીકરણ (Comprehensive nuclear disarmament)
(D) દક્ષિણ એશિયામાં સત્તાનું સંતુલન (Balance of power in South Asia)

080. ધી ઓલ ઈન્ડીયા જ્યુડીશિયલ સર્વિસ (AIJS) તાજેતરમાં સમાચારમાં હતી. નીચેના વાક્યો AIJSના સંદર્ભમાં તપાસો.

1. AIJS નો વિચાર (idea) ભારતના બંધારણના 42મા સુધારાથી ઉમેરવામાં આવ્યો.
2. AIJS માં જિલ્લા ન્યાયાધીશથી નીચલી કક્ષાના હોદ્દાનો સમાવેશ થશે નહિં
3. ભારતમાં AIJS ના નિર્માણ માટે રાજ્યોની પરિષદો દ્વારા ખરડાથી પસાર કરાયેલ હોવી જોઈએ, જેમાં પરિષદના 2/3 કરતાં ઓછા ન હોય તેટલા સભ્યોએ હાજર રહી મત આપી સમર્થન કરેલ હોવું જોઈએ.

ઉક્ત આપેલ વિધાનો પૈકી કયુ વિધાન સાચું છે ?

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

081. સુલભ ભારત અભિયાન (સુગમ્ય ભારત અભિયાન) ............ ને સમર્પિત છે.

(A) લઘુમતિઓ
(B) મહિલાઓ
(C) વિકલાંગ વ્યક્તિઓ
(D) ઉપરના પૈકી કોઈ નહિં

082. નીચેના પૈકી કઈ મૂળભૂત ફરજ, 86માં બંધારણીય સુધારાથી અનુચ્છેદ 51A માં દાખલ કરવામાં આવેલ છે.

(A) વ્યક્તિગત અને સામૂહિક પ્રવૃત્તિના તમામ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવો.

(B) માતા પિતાએ તેના બાળકોને શિક્ષણની તકો પૂરી પાડવી.

(C) વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, માનવતાવાદ અને જ્ઞાનાર્જન તથા સુધારણાની ભાવનાનો વિકાસ કરવાની.

(D) જાહેર મિલ્કતનુ રક્ષણ કરવાની.

083. ભારતમાં નીચેના પૈકી કયો એક, મહિલાનો બંધારણિય અધિકાર છે ?

(A) આજીવીકાના પૂરતા સાધનો મેળવવાનો અધિકાર

(B) મહિલા ઉપર સતી થતી ઘટના અટકાવવાની અને તેની મહત્તા અટકાવવાની.

(C) પ્રસૂતિ લાભોની જોગવાઈ

(D) પુરૂષ અને સ્ત્રી કામદાર - બંનેને સમાન વેતન ચૂકવણી.

084. 'ભારત માટે સમવાયી માળખું' નીચે આપેલા કાયદાઓ પૈકી કયા કાયદાથી પ્રથમ વખત દાખલ કરવામાં આવ્યું ?

(A) ચાર્ટર એક્ટ ઓફ 1853 | (B) ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયા એક્ટ 1958

(C) ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયા એક્ટ 1935 | (D) ચાર્ટર એક્ટ ઓફ 1833

085. ભારતના બંધારણના, અનુચ્છેદ 343 'હિન્દી'ને સંઘની ………… ભાષા તરીકે જાહેર કરે છે.

(A) રાષ્ટ્ર ભાષા | (B) સંઘની અધિકૃત ભાષા

(C) રાજભાષા | (D) સંઘની વહીવટી ભાષા

086. 12 વડે વિભાજ્ય હોય એવી 6 અંકની સૌથી મોટી સંખ્યા કઈ છે ?

(A) 999994 | (B) 999996

(C) 999990 | (D) આમાંનુ એક પણ નહીં

087. જો m : n = 5 :7 અને n : p = 9 : 11 હોય તો m : n : p કેટલા થશે ?

(A) 5 :16 :11 | (B) 35 :49 :99

(C) 45 :63 :77 | (D) આમાંનુ એક પણ નહીં

088. સતત આવતી પ્રથમ 6 બેકી સંખ્યાઓની સરેરાશ કેટલી થશે ?

(A) 7 | (B) 8

(C) 9 | (D) 9.5

089. જો log 2 = 0.30103 અને log 3 = 0.47712 હોય તો log 6 ની કિંમત કેટલી થશે ?

(A) 0.14633 | (B) 0.77815

(C) 0.61243 | (D) આમાંનુ એક પણ નહીં

090. $2^{x-1} + 2^{x+1} = 640$ હોય તો $x$ નું મૂલ્ય કેટલું થશે ?

(A) 6 | (B) 12

(C) 9 | (D) આમાંનુ એક પણ નહીં.


091. P એ T ની પૂર્વ તરફ હોય, T એ J ની ઉત્તર તરફ હોય, તથા M એ J ની દક્ષિણ તરફ હોય તો M એ P થી કઈ દિશામાં છે ?


(A) ઉત્તર-પૂર્વ | (B) ઉત્તર

(C) પશ્ચિમ | (D) દક્ષિણ-પશ્ચિમ

092. નીચે પૈકી કઈ વેન આકૃતિઓ સિંહ, વાઘ અને પ્રાણીઓ માટે યોગ્ય છે ?

(A) 

(B) 

(C) 

(D) 

093. એક સાંકેતિક ભાષામાં 'ENGLAND' નો કોડ 'GMIKCMF' હોય તો 'AUSTRALIA' નો કોડ ક્યો હશે ?

(A) CTTSTZMHC
(B) CTSTTZNHC
(C) CTUSTZNHC
(D) CTUTSZNHC

094. એક વ્યક્તિના માસિક ખર્ચનો પાંચમો ભાગ તેની માસિક બચતના 1/2 ગણો છે. જો તેની માસિક આવક રૂા. 63,000 હોય તો તેની માસિક બચત કેટલી હશે ?

(A) રૂા. 12,600
(B) રૂા. 14,400
(C) રૂા. 18,000
(D) આમાંનુ એક પણ નહીં

095. જો ગણ P = {3, 6} હોય તો ગણ P ના ઘાતગણમાં કેટલા ઘટકો હશે ?

(A) 2
(B) 4
(C) 6
(D) આમાંનુ એક પણ નહીં

096. એક વ્યક્તિ 4 કિમી/કલાકની ઝડપે એક ચોરસ ખેતરના વિકર્ણ પર (diagonally) ચાલીને 6 મિનિટમાં પસાર કરે છે. તો તે ચોરસ ખેતરનું ક્ષેત્રફળ કેટલું થશે ?

(A) 40,000 ચો.મી.
(B) 80,000 ચો.મી.
(C) 1 ચો. કિમી
(D) આમાંનુ એક પણ નહીં

097. 0.00000676 નું વર્ગમૂળ કેટલું થશે ?

(A) 0.26
(B) 0.026
(C) 0.0026
(D) આમાંનુ એક પણ નહીં

098. સમીકરણ : $x^2 - 3x - 88 = 0$ ના બે ઉકેલ કયા છે ?

(A) 11, –8
(B) –11, –8
(C) –11, 8
(D) 11, 8

099. એક રકમ 9% સાદાવ્યાજે 5 વર્ષ માટે મૂકતાં રૂા. 8,032.50 વ્યાજ મળે છે. તો તે રકમ કેટલી હશે ?

(A) રૂા. 16,850
(B) રૂા. 17,250
(C) રૂા. 17,850
(D) આમાંનુ એક પણ નહીં

100. 52 પત્તામાંથી એકસાથે 2 પાના ખેંચવામાં આવે છે, તો બન્ને પાના એક્કા આવે તેની સંભાવના કેટલી ?

(A) 1/216
(B) 1/121
(C) 2/221
(D) આમાંનુ એક પણ નહીં

101. ગુજરાતી ભાષામાં સાહિત્યસર્જનના પ્રારંભનો યશ કોને જાય છે ?

(A) નરસિંહ મહેતા
(B) હેમચન્દ્રાચાર્ય
(C) ભરત
(D) ભામહ

102. મધ્યકાલીન ભક્તિકવિતા કઈ પ્રજાની દેણ છે ?

(A) ચીની
(B) જાપાની
(C) દ્રવિડ
(D) આર્ય

103. નીચે પૈકી કોણ ભક્તકવિ નથી ?

(A) શ્રીધર વ્યાસ
(B) રામાનુજાચાર્ય
(C) માધ્વાચાર્ય
(D) વલ્લભાચાર્ય

104. "વાંચવું, વિચારવું અને લખવું: એ ત્રણ ક્રિયાઓ, સમુદ્રમાં નિરંતર પાણી ઊછળે છે એમ, એમના જીવનમાં ઊછળતી હતી..." આ વિધાન કોણે કોના માટે કહ્યું છે ?

(A) આનંદશંકર ધ્રુવે નર્મદ વિશે
(B) બળવંતરાય ઠાકોરે નવલરામ વિશે
(C) રમણભાઈ નીલકંઠે નર્મદ વિશે
(D) ગોવર્ધનરામ ત્રિપાઠીએ નવલરામ વિશે

105. નીચે પૈકી કઈ નવલકથા 'કરણઘેલો'ની સમકાલીન કૃતિ નથી ?

(A) બાગોબહાર
(B) તોતાકહાની
(C) પ્રેમસાગર
(D) લાવણ્ય

106. નીચે પૈકી કઈ નવલકથા 'જ્ઞાનસુધા'માં ક્રમશઃ પ્રકાશિત થઈ હતી ?

(A) ભદ્રંભદ્ર
(B) સરસ્વતીચંદ્ર
(C) કરણઘેલો
(D) ગુજરાતનો નાથ

107. નીચે પૈકી કઈ વાર્તા ચૂનીલાલ મડિયાની નથી ?

(A) વાની મારી કોયલ
(B) સુખનો ઓડકાર
(C) કમાઉ દીકરો
(D) અંતઃસ્રોતા

108. નીચે પૈકી કયો કાવ્યસંગ્રહ હસમુખ પાઠકનો નથી ?

(A) નમેલી સાંજ
(B) સાયુજ્ય
(C) આંદોલન
(D) જાગરણ – પાછલી ખટઘડી

109. રાજેન્દ્ર શાહ પર કોના ઊંડા સંસ્કાર પડેલા નથી ?

(A) શ્રેયસ્સાધકવર્ગ
(B) જર્મન કવિ રિલ્કે
(C) ગાંધીપ્રેરિત આઝાદીજંગ
(D) જર્મન તત્ત્વજ્ઞ કાન્ટ

110. નીચે પૈકી કયું ગુજરાતી આધુનિક સાહિત્યનું પ્રમુખ લક્ષણ છે ?

(A) મનુષ્યનાં આંતરિક ભાવસૌંદર્યથી સમૃધ્ધ
(B) પ્રકૃતિરાગી અને લયમધુર ગીતો
(C) કવિતામાં લયસમૃધ્ધિ અને છંદસફાઈ
(D) નિરૂપિત વિષય અને નિરૂપણશૈલી સંદર્ભે સ્વરૂપ-આકાર સૌષ્ઠવની મહત્તા

111. 'મેક ઇટ ન્યુ' (Make it new) કોનું સૂત્ર છે ?

(A) એઝરા પાઉન્ડ (B) સાર્ત્ર

(C) હાઈડેગર (D) કીર્કે ગાર્ડ

112. નીચે પૈકી કઈ પત્રિકા આધુનિક ગુજરાતી સાહિત્યની નથી ?

(A) રે (B) કૃતિ

(C) કૌમુદી (D) ઉન્મૂલન

113. તાજેતરમાં કયા દલિત કવિનું નિધન થયું ?

(A) કિસન સોમા (B) દલપત ચૌહાણ

(C) હરીશ મંગલમ્ (D) નીરવ પટેલ

114. "One is not born but becomes a woman" – આ વિધાન કોનું છે ?

(A) વર્જિનિયા વુલ્ફ (B) સિમોન દિ બુવ્વા

(C) એલિસ વોકર (D) મેરી વોલસ્ટોનક્રાફ્ટ

115. "Back to roots" – આ સૂત્ર કયાં સાહિત્યનો ધ્રુવમંત્ર છે ?

(A) નારી (B) ડાયસ્પોરા

(C) દેશી (D) દલિત

116. 'Cultural Poetics' તરીકે નીચે પૈકી શું ઓળખાય છે ?

(A) નવ્ય ઇતિહાસવાદ (B) સંરચનાવાદ

(C) અનુસંરચનાવાદ (D) રૂપરચનાવાદ

117. 'Hermeneutics' (અર્થઘટનશાસ્ત્ર) મુખ્યત્વે કઈ વિદ્યાશાખામાં જોવા મળતું નથી ?

(A) કાયદો (B) ઇતિહાસ

(C) ધર્મશાસ્ત્ર (D) ભૂગોળ

118. ગ્રીસ અને રોમના પ્રાચીન સાહિત્યને કઈ રીતે ઓળખવામાં આવે છે ?

(A) રોમેન્ટિક (B) ક્લાસિકલ

(C) વિક્ટોરિઅન (D) પ્લેટોનિક

119. વિવેચન સંજ્ઞા મૂળ કઈ ભાષાનો શબ્દ છે ?

(A) ગુજરાતી (B) હિન્દી

(C) સંસ્કૃત (D) ફારસી

120. "Criticism is conceptual knowledge, or aims at such knowledge." – આ વિધાન કોનું છે ?

(A) મોરિસ વાયઝ (B) રેને વેલેક

(C) મોનરો બિયર્ડઝલી (D) પ્લેટો

121. "માત્ર રસાનુભવ એ સાહિત્યનું અંતિમ પ્રાપ્તવ્ય નથીઃ રસના માયારૂપ અંશમાંથી તત્ત્વનો પ્રકાશ લાધવો જોઈએ." – આ વિધાન કોનું છે ?

(A) આનંદશંકર ધ્રુવ (B) રમણભાઈ નીલકંઠ

(C) બળવંતરાય ઠાકોર (D) ગોવર્ધનરામ ત્રિપાઠી

122. 'અસ્યાઃ સર્ગવિધૌ...' કોનું પુસ્તક છે ?

(A) સિતાંશુ યશશ્ચન્દ્ર
(B) રમણ સોની
(C) સુમન શાહ
(D) ચંદ્રકાંત ટોપીવાળા

123. વાક્યમાં અર્ધાન્તરૈકપદતા દોષ ક્યારે કહેવાય ?

(A) રસથી વિરુધ્ધ એવા રસની અભિવ્યંજના થાય ત્યારે
(B) સંધિની વિરૂપતા કે પ્રાકૃતતા પ્રગટતી હોય ત્યારે
(C) વાક્યમાં પદોનો ઈષ્ટ સંબંધ ન હોય ત્યારે
(D) પદ્યના પૂર્વાર્ધનો શબ્દ પદ્યના ઉત્તરાર્ધ માટે રહી જાય ત્યારે

124. ભામહ પ્રમાણે કયો પુરુષાર્થ કાવ્યનું પ્રયોજન નથી ?

(A) અર્થ
(B) કામ
(C) લાભ
(D) મોક્ષ

125. 'કાવ્ય' શરીર 'ઈષ્ટાર્થ વ્યવચ્છિન્નપદાવલી' છે. આ વિધાન કોનું છે ?

(A) આચાર્ય દંડી
(B) આચાર્ય આનંદવર્ધન
(C) આચાર્ય કુંતક
(D) આચાર્ય ભામહ

126. વાક્યમાં વિધ્યયુક્તદોષ ક્યારે કહેવાય ?

(A) અનુચતિ સ્થાન પર અનાવશ્યક શબ્દપ્રયોગ કરીએ ત્યારે
(B) અવિધેય અર્થને વિધેય બનાવીએ ત્યારે
(C) અર્થ અનુચિત કથનથી યુક્ત હોય ત્યારે
(D) શાસ્ત્રવિરુધ્ધ વર્ણન હોય ત્યારે

127. નીચે પૈકી કયું પુસ્તક પ્લેટોનું નથી ?

(A) Ion
(B) Republic
(C) Rhetroic
(D) Cratylus

128. ટી. એસ. એલિયટનો નિબંધ "Tradition and the Individual Talent" કઈ વિચારધારાને સૌથી વધુ પ્રભાવિત કરે છે ?

(A) એબ્સર્ડ
(B) રૂપરચનાવાદ
(C) સંરચનાવાદ
(D) નવ્યઈતિહાસવાદ

129. "Course in General Linguistics" પુસ્તક કોનું છે ?

(A) મેથ્યુ આર્નલ્ડ
(B) રોલાં બાર્થ
(C) ફર્દિનાન્દ દી સોસ્યુર
(D) મિખાઈલ બાખ્તિન

130. વીસમી સદીની શરૂઆતમાં વૈશ્વિક સ્તરે રૂપરચનાવાદનો ઉદ્ગમ ક્યાંથી થયો ?

(A) રશિયા
(B) ફ્રાંસ
(C) જર્મની
(D) જાપાન

131. જગતનું સૌથી મોટું અને સૌથી વિશેષ મહત્ત્વ ધરાવતું ભાષાકુળ કયું છે ?

(A) ચીની-તિબેટી
(B) આલ્તાઈ
(C) યુરાલીય
(D) ભારત-યુરોપીય

132. શબ્દનાં મૂળ રૂપ શોધી કાઢવાં અને એમાં ક્રમે ક્રમે થયેલા વિકાસનું અધ્યયન કરવાનું કામ કયું વિજ્ઞાન કરે છે ?

(A) ભાષાવિજ્ઞાન
(B) વ્યુત્પત્તિવિજ્ઞાન
(C) અર્થવિજ્ઞાન
(D) ધ્વનિવિજ્ઞાન

133. પાણિનિનો ગ્રંથ કયો છે ?

(A) સિધ્ધાંતકૌમુદી
(B) પ્રાકૃતસર્વસ્વ
(C) અષ્ટાધ્યાયી
(D) શબ્દાનુશાસન

134. મહ્દ અંશે ભાષાએ મનુષ્યને મળતો કેવો વારસો છે ?

(A) આર્થિક
(B) સામાજિક
(C) યાંત્રિક
(D) કાયદાકીય

135. ભાષાવિજ્ઞાનને કયા વિજ્ઞાન સાથે ગાઢ સંબંધ છે ?

(A) ભૌતિકવિજ્ઞાન
(B) જીવવિજ્ઞાન
(C) પરમાણુવિજ્ઞાન
(D) સમાજવિજ્ઞાન

136. મૅક્સમૂલરનાં કયાં વ્યાખ્યાનોએ ભાષાનાં નૂતન વિજ્ઞાનમાં અભ્યાસીઓનો રસ જગાડી એને લોકપ્રિય બનાવ્યું ?

(A) Lectures on the Science of Language
(B) Languages and the study of Language
(C) Life and Growth of Language – An Outline of the Linguistic Science
(D) Introduction to the Comparative Study of Indo-European Languages

137. નીચેનાં પૈકી કયું લોકવાણીનાં રૂપનો પ્રકાર નથી ?

(A) બોલાતી બોલીનાં રૂપો
(B) ગવાતાં રૂપો
(C) પદ્યરૂપો
(D) કેવલોદ્‌ગારી સઘોષ રૂપો

138. લોકસાહિત્યનું પ્રમુખ લક્ષણ કયું છે ?

(A) પ્રશિષ્ટતા
(B) પ્રસંગાનુરૂપતા
(C) પ્રયોગલક્ષિતા
(D) રંગદર્શિતા

139. ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્ય વિશે ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાના ઉપક્રમે આપેલાં વ્યાખ્યાનો કયા પુસ્તકમાં ગ્રંથસ્થ થયાં છે ?

(A) લોકસાહિત્યઃ ધરતીનું ધાવણ - ભાગ - 1
(B) લોકસાહિત્યઃ ધરતીનું ધાવણ - ભાગ - 2
(C) લોકસાહિત્ય - પગદંડીનો પંથ
(D) લોકસાહિત્યનું સમાલોચન

140. નીચેના પૈકી કઈ નવલકથા લોકસાહિત્યના સંસ્કારવાળી ઐતિહાસિક નવલકથા છે ?

(A) સમરાંગણ
(B) દીપનિર્વાણ
(C) સરસ્વતીચંદ્ર
(D) માનવીની ભવાઈ

141. **"A language is a system of arbitrary vocal symbols by which members of a social group co-operate and interact." –** આ વિધાન કયા ભાષાવિજ્ઞાનીનું છે ?

(A) સી. સી. ફ્રાઈઝ (B) હેન્રિ સ્વીટ

(C) ઈ. એચ. સ્ટર્તવાં (D) રૉબર્ટ હૉલ

142. શાબ્દિક લિપિનો ઇતિહાસ કેટલાં વર્ષથી જૂનો નથી એમ મનાય છે ?

(A) પાંચેક હજાર વર્ષ (B) સાત હજાર વર્ષ

(C) પાંચ લાખ વર્ષ (D) દસ હજાર વર્ષ

143. નીચે પૈકી કઈ ભાષાની લાક્ષણિકતા નથી ?

(A) સાંકેતિક (B) યાદચ્છિક

(C) પ્રતીકાત્મક (D) અભિવ્યંજનાત્મક

144. બહુવચનનો 'ઉં' પ્રત્યય કઈ ગુજરાતી બોલીની વ્યાકરણવિષયક વિશેષતા છે ?

(A) સુરતી (B) સૌરાષ્ટ્ર

(C) પટ્ટણી (D) ચરોતરી

145. ગુજરાતની કઈ બોલીમાં 'ળ'નો 'ર' થઈ જતો હોય છે ?

(A) ચરોતરી (B) સુરતી

(C) સૌરાષ્ટ્ર (D) પટ્ટણી

146. विभावानुभाव्यभिचारीसंयोगायरसनिष्पत्ति - આ સૂત્ર કોનું છે ?

(A) ભરત (B) ભામહ

(C) દંડી (D) વિશ્વનાથ

147. 'રસગંગાધર'ના રચયિતા કોણ છે ?

(A) લોલ્લટ (B) અભિનવગુપ્ત

(C) જગન્નાથ (D) શંકુક

148. નીચે પૈકી કયું રસવિઘ્ન નથી ?

(A) સંભાવનાવિરહ (B) અપ્રધાનતા

(C) સંશયયોગ (D) ચિત્તવૃત્તિનિરોધ

149. वाक्यं रसात्मकं काव्यम् – આ સૂત્ર કયા વિદ્વાનનું છે ?

(A) ભરત (B) વિશ્વનાથ

(C) આનંદવર્ધન (D) અભિનવગુપ્ત

150. નીચે પૈકી કયું ધ્વનિસ્વરૂપ નથી ?

(A) સ્થાયીધ્વનિ (B) રસધ્વનિ

(C) વસ્તુધ્વનિ (D) અલંકારધ્વનિ

151. આનંદવર્ધને કુલ કેટલા ધ્વનિભેદો નિરૂપ્યા છે ?

(A) 30 (B) 20

(C) 25 (D) 35

152. વાચ્યાર્થની અપેક્ષાએ વ્યંગ્યાર્થ અધિક હોય તે કાવ્યને કેવું કાવ્ય કહેવાય ?

(A) રસકાવ્ય (B) ધ્વનિકાવ્ય

(C) વ્યંગકાવ્ય (D) રીતિકાવ્ય

153. આચાર્ય આનંદવર્ધને કઈ ભૂમિકાએ ધ્વનિનું પ્રસ્થાપન કર્યું છે ?

(A) કાવ્યઅલંકાર (B) કાવ્યરીતિ

(C) કાવ્યાત્મા (D) કાવ્યધ્વનિ

154. નીચે પૈકી કયા વિદ્વાન 'વક્રોક્તિજીવિતકાર' તરીકે પ્રસિધ્ધિ પામ્યા છે ?

(A) કુન્તક (B) દંડી

(C) ભામહ (D) વામન

155. નીચે પૈકી કયો વિભાગ 'વક્રોક્તિજીવિત' ગ્રંથમાં નથી ?

(A) કારિકા (B) શ્રુતિ

(C) વૃત્તિ (D) ઉદાહરણ

156. ''વક્ર એવા કવિવ્યાપારથી શોભતા અને તદ્વિદોને આહ્‌લાદકારક બંધમાં ગોઠવાયેલ સહિતભાવથી જોડાયેલ શબ્દ અને અર્થ તે કાવ્ય.'' - આ વિધાન કયા વિદ્વાનનું છે ?

(A) દંડી (B) ભામહ

(C) વામન (D) કુંતક

157. કાવ્ય એટલે **Poem,** છૂટક કાવ્યરચના કવિત્વકૃતિ, જ્યારે કવિતા એટલે **Poetry,** કવિત્વપ્રવૃત્તિ. – આ વિધાન કયા વિવેચકનું છે ?

(A) બળવંતરાય ઠાકોર (B) રમણભાઈ નીલકંઠ

(C) નરસિંહરાવ દિવેટિયા (D) આનંદશંકર ધ્રુવ

158. કાવ્યનો ઉપદેશ નીચે પૈકી કઈ રીતે અનુભવાતો નથી ?

(A) માતાસંમિત (B) કાંતાસંમિત

(C) મિત્રસંમિત (D) પ્રભુસંમિત

159. કઈ વિચારધારા સામાન્ય ભાષાના અતિચાર કે તેના વિચલનને કાવ્યભાષાનું મુખ્ય લક્ષણ ગણે છે ?

(A) સરિયાલિઝમ (B) રશિયન રૂપરચનાવાદ

(C) વાસ્તવવાદ (D) અસ્તિત્વવાદ

160. સંસ્કૃત કાવ્યશાસ્ત્ર મુજબ કવિની નવનવોન્મેષશાલિની બુધ્ધિને શું કહેવામાં આવે છે ?

(A) બુધ્ધિ (B) શક્તિ

(C) પ્રતિભા (D) સજ્જતા

161. **"Poetry is mroe philosophical and more important than history, fro poetry speaks of the universal, histroy of only the particular."** – આ મંતવ્ય કયા વિદ્વાનનું છે ?

(A) ટી. એસ. એલિયટ (B) મેથ્યુ આર્નલ્ડ

(C) ક્રોચે (D) એરિસ્ટોટલ

162. "The Good is one." – આ વિધાન કોનું છે ?

(A) પ્લેટો
(B) સોક્રેટિસ
(C) એરિસ્ટોટલ
(D) લોન્જાઈનસ

163. 'On the Sublime' પુસ્તક કયાં જ્ઞાનક્ષેત્ર માટે ઉત્તમ ગણવામાં આવે છે ?

(A) વાક્શાસ્ત્ર
(B) સૌંદર્યશાસ્ત્ર
(C) ભાષાવિજ્ઞાન
(D) નીતિશાસ્ત્ર

164. "Objective Correlative"નો સિધ્ધાંત કયા વિવેચકનો છે ?

(A) રેને વેલેક
(B) વોલ્ટર પેટર
(C) ટી. એસ. એલિયટ
(D) એરિસ્ટોટલ

165. નીચે પૈકી કયાં ડિકન્સ્ટ્રક્શન સિદ્ધાંતનાં લક્ષણો છે ?

1. વસ્તુનિષ્ઠ અર્થઘટન 2. વિષયસાપેક્ષ અર્થઘટન 3. આધુનિકતાનો વિચ્છેદ 4. રૅશ્નાલિઝમને સ્વીકૃતિ

(A) 1 અને 4
(B) 2 અને 1
(C) 2 અને 4
(D) 2 અને 3

166. નવ્ય વિવેચન નીચે પૈકી કયાં તત્ત્વને મહત્વ આપે છે ?

(A) લેખકના અંગત જીવનના સંજોગોને
(B) ટેક્સ્ટ દ્વારા પ્રસ્થાપિત નૈતિક મૂલ્યને
(C) ટેક્સ્ટના સ્વરૂપ અને સંરચનાને
(D) કથાવસ્તુને

167. નવ્ય વિવેચનની શરૂઆત માટે કયા વિવેચકોનું કાર્ય જવાબદાર છે ?

(A) ટી. એસ. એલિયટ અને એઝરા પાઉન્ડ
(B) રોલાં બાર્થ અને મિશેલ ફૂકો
(C) રેમન્ડ વિલિયમ્સ અને ટેરી ઈગલટન
(D) રોજર ઈબર્ટ અને રિચાર્ડ રોપર

168. આધુનિકતાવાદી અભિગમના પ્રમુખ સિદ્ધાંતો કયા છે ?

(A) રૅશ્નાલિઝમ
(B) ભૌતિકવાદ
(C) વૈજ્ઞાનિક ટેક્નિક
(D) ઉપરના તમામ

169. નીચે પૈકી કોણ ગુજરાતીમાં આધુનિકતાવાદી વિવેચન સાથે નથી સંકળાયેલું ?

(A) ઉમાશંકર જોશી
(B) સુરેશ જોષી
(C) શિરીષ પંચાલ
(D) સુમન શાહ

170. નીચે પૈકીના ક્યા વિદ્વાન સંરચનાવાદના આરંભ સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા છે ?

(A) નોમ ચોમ્સ્કી
(B) ફર્ડીનાન્ડ દ સોસ્યુર
(C) વિલિયમ શેક્સપિઅર
(D) જકવિયસ દેરિદા

171. દેરિદાના મત મુજબ, 'મેટા-ફિઝિક્સ' નો રંગ કયો છે ?

(A) લીલો
(B) સફેદ
(C) ભૂરો
(D) મેઘધનુષના તમામ રંગો

172. ગુજરાતી સાહિત્યની કઈ કૃતિ પ્રશિષ્ટતાવાદની સંકલ્પના નજીક જતી કૃતિ ગણી શકાય ?

(A) જનાન્તિકે
(B) પલાશવન
(C) અશબ્દ રાત્રિ
(D) સરસ્વતીચંદ્ર

173. 'મેનીફેસ્ટો ઓન સર-રિઅલિઝમ' પુસ્તકના લેખક કોણ છે ?

(A) આન્દ્રે બ્રેટોન (B) થોમસ હાર્ડી

(C) આલ્બર્ટ કામ્યૂ (D) વર્જિનિયા વુલ્ફ

174. 'રોમેન્ટિક' કવિઓએ નીચે પૈકી કયા ઘટકનો મહિમા કર્યો ?

(A) શહેર (B) પ્રકૃતિ

(C) ઉદ્યોગીકરણ (D) વિવેકબુદ્ધિ

175. સાહિત્યના 'ક્લાસિસીઝમ'ના અભિગમ માટે નીચે પૈકી કયો વિચારક પ્રેરણા સ્ત્રોત છે ?

(A) એરિસ્ટોટલ (B) કાર્લ માર્ક્સ

(C) એડવર્ડ સઈદ (D) ગુત્સવ ફલાઉબર્ટ

176. નવલરામ એરિસ્ટોટલના કયા સિદ્ધાંતને અનુસરે છે ?

(A) ટ્રેજેડી (B) અનુકરણ

(C) વસ્તુસંકલના (D) કેથાર્સિસ

177. નરસિંહરાવ દિવેટિયાનું વિવેચન નીચે પૈકી કયા ગ્રંથોમાં સમાવિષ્ટ છે ?

1. મનોમુકુર – 1થી 4 2. કાવ્યતત્ત્વવિચાર 3. કવિતાવિચાર 4. અભિનયકલા

(A) 1, 3 અને 4 (B) 2, 3 અને 4

(C) 3, 4 અને 1 (D) 1, 2 અને 3

178. રમણભાઈ નીલકંઠના વિવેચનમાં નીચે પૈકી કઈ વિચારણા મહત્ત્વની છે ?

(A) પૃથ્વી છંદ (B) ઘટનાનું તિરોધાન

(C) સંસ્કૃત કાવ્યશાસ્ત્રની ઉપયોગિતા (D) વૃત્તિમય ભાવાભાસ

179. હરિવલ્લભ ભાયાણીએ વિવેચનની સમાંતરે કઈ વિદ્યાશાખામાં કામ કર્યું છે ?

(A) સમાજવિજ્ઞાન (B) મનોવિજ્ઞાન

(C) ભાષાવિજ્ઞાન (D) અર્થશાસ્ત્ર

180. નીચે પૈકી કયો વિચાર બળવંતરાય ઠાકોરે વિવેચન ક્ષેત્રે પ્રચલિત કર્યો ?

(A) અર્થપ્રધાનતાવાદ (B) ચિત્તક્ષોભ

(C) અખંડલહરી (D) ડોલનશૈલી

181. નીચે પૈકી કયો વિચાર સુરેશ જોશીના વિવેચન સાથે સાંકળી શકાય ?

1. ઘટનાહ્રા સ 2. રૂપનિર્મિતિ 3. અસ્તિત્વવાદ 4. અનુકરણ

(A) 2, 3 અને 4 (B) 3, 4 અને 1

(C) 1, 2 અને 4 (D) 1, 2 અને 3

182. નીચે પૈકી કયું વિવેચનનું પુસ્તક જયંત કોઠારીનું નથી ?

(A) અનુક્રમ (B) અન્વીક્ષા

(C) ઉપક્રમ (D) વ્યાસંગ

183. 'સંરચના અને સંરચન' – આ પુસ્તકના લેખક કોણ છે ?

(A) રાધેશ્યામ શર્મા (B) ચંદ્રકાન્ત ટોપીવાળા

(C) સુમન શાહ (D) પ્રમોદકુમાર પટેલ

184. 'હદપારના હંસ અને આલ્બેટ્રોસ' – પુસ્તક શેના વિશે છે ?

(A) પ્રતીકવાદ (B) કલ્પનવાદ

(C) અતિવાસ્તવવાદ (D) વાસ્તવવાદ

185. 'કાવ્યવિવેચનની સમસ્યાઓ' – આ પુસ્તકના લેખક કોણ છે ?

(A) જયંત કોઠારી (B) શિરીષ પંચાલ

(C) જયંત પારેખ (D) સુમન શાહ

186. વાલ્મિકી કૃત 'રામાયણ'માં કેટલા શ્લોક છે ?

(A) 22,000 (B) 23,000

(C) 24,000 (D) 25,000

187. 'મહાભારત' આધારિત ટેલિવિઝનની શ્રેણિના નિર્માતા કોણ છે ?

(A) રામાનંદ સાગર (B) બી. આર. ચોપ્રા અને રવિ ચોપ્રા

(C) રાહી માસૂમ રેઝા (D) યશ ચોપ્રા અને આદિત્ય ચોપ્રા

188. 'ભગવદ્ ગીતા'નો અંગ્રેજીમાં પ્રચલિત અનુવાદ છે -

(A) Song of Mahabharata (B) Song of Arjuna

(C) Song of Krishna (D) Song of God

189. 'રઘુવંશ'માં કેટલા સર્ગ છે ?

(A) 19 (B) 20

(C) 21 (D) 22

190. 'મેઘદૂતમ્' કયાં પ્રકારનું કાવ્ય છે ?

(A) શૌર્યકાવ્ય (B) વિરહકાવ્ય

(C) સંદેશકાવ્ય (D) ભક્તિકાવ્ય

191. રવીન્દ્રનાથ ટાગોરની નવલકથા 'ગોરા' વિશે નીચે પૈકી કયું મંતવ્ય સાચું છે ?

(A) તેમની સૌથી લાંબી નવલકથા છે.

(B) તેમની પ્રથમ નવલકથા છે.

(C) તેમને નોબેલ પુરસ્કાર આ નવલકથાને લીધે મળ્યો.

(D) તેમની મરણોત્તર પ્રકાશિત થયેલી નવલકથા છે.

192. નવલકથા 'ગોદાન'ના મુખ્ય પાત્ર હોરી સાથે નીચેના પાત્રો કયા સંબંધે જોડાયેલા છે ?

| પાત્ર | સંબંધ |
|---|---|
| (ક) ધનિયા | (ચ) પુત્રવધૂ |
| (ખ) રૂપા | (છ) પુત્રી |
| (ગ) ગોબર | (જ) પત્ની |
| (ઘ) ઝુનિયા | (ઝ) પુત્ર |

(A) ક - ચ, ખ - જ, ગ - જ, ઘ - ઝ (B) ક - જ, ખ - છ, ગ - ઝ, ઘ - ચ

(C) ક - છ, ખ - ઝ, ગ - ચ, ઘ - જ (D) ક - ઝ, ખ - ચ, ગ - છ, ઘ - છ

193. ‘સ્વર્ગેર નીચેર માનુષ’ નવલકથા કઈ ભાષામાં લખાઈ છે અને પ્રથમ ક્યારે પ્રગટ થઈ ?

(A) બોડો (1981)
(B) હિન્દી (1982)
(C) મણિપુરી (1983)
(D) બંગાળી (1984)

194. ‘હજાર ચોર્યાસીની મા’ કૃતિની મુખ્ય પાત્રનું નામ શું છે ?

(A) મૈત્રેયી
(B) નંદિની
(C) સુજાતા
(D) પ્રતિભા

195. ‘આરણ્યક’ના લેખક કોણ છે ?

(A) બિભૂતિભૂષણ બંદોપાધ્યાય
(B) સુનીલ ગંગોપાધ્યાય
(C) શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય
(D) સુદીપ બંદોપાધ્યાય

196. ‘સંસ્કાર’ નવલકથા આધારિત ફિલ્મની કથા કોણે લખી છે ?

(A) યુ. આર. અનંતમૂર્તિ
(B) બી. આર. જયરામ
(C) પી. લંકેશ
(D) ગિરીશ કારનાડ

197. લેખક વી. એસ. ખાંડેકરને સાહિત્ય અકાદમી અને જ્ઞાનપીઠ પુરસ્કાર કઈ કૃતિ માટે મળ્યો ?

(A) હયાતી
(B) યયાતિ
(C) અનુ
(D) પુરુ

198. ‘હયવદન’ કૃતિના મુખ્ય પાત્રનું નામ શું છે ?

(A) કપિલદત્ત
(B) પ્રેમદત્ત
(C) ગુરુદત્ત
(D) દેવદત્ત

199. નીચે પૈકી કયું કાવ્ય ‘વહી જતી પાછળ રમ્ય ઘોષા’ કૃતિમાં નથી ?

(A) શીમળાને
(B) ચાંદરણું
(C) સૂર્યને શિક્ષા કરો
(D) ચક્રપથ

200. ‘પ્રાગૈતિહાસિક અને શોકસભા’ કૃતિનું મહત્ત્વનું લક્ષણ કયું છે ?

(A) પરાવાસ્તવ અને નૈતિક
(B) વાસ્તવવાદી અને પરંપરાબધ્ધ
(C) સ્વપ્નવાસ્તવ અને અસંબધ્ધ
(D) ઉપર પૈકી એક પણ નહીં

201. ‘ધીમુ અને વિભા’ નવલકથાની પશ્ચાદ્‌ભૂ કઈ છે ?

(A) બંગ ભંગની ચળવળ
(B) જલિયાવાલા બાગ
(C) હિંદ છોડો આંદોલન
(D) સત્યાગ્રહ

202. ‘ભરતેશ્વરબાહુબલિ-રાસ’ કૃતિનું કથાવસ્તુ શું છે ?

(A) ભરત અને બાહુબલિનો વિજય
(B) ભરત અને બાહુબલિનો પરાજય
(C) ભરત અને બાહુબલિની પ્રણયકથા
(D) શાલિભદ્રસૂરિની જીવનકથા

203. ‘જશોદા! તારા કાનુડાને સાદ કરીને વાર રે; આવડી ધૂમ મચાવે વ્રજમાં, નહિ કોઈ પૂછણહાર રે ?’ – આ પંક્તિના કવિ કોણ છે ?

(A) પ્રેમાનંદ
(B) મીરા
(C) નરસિંહ મહેતા
(D) દયારામ

204. 'હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે, મોટે મોટે મોટે મેં તો મોતીડે વધાવ્યા રે.' – આ પંક્તિનો અલંકાર ઓળખો.

(A) અનન્વય
(B) વર્ણાનુપ્રાસ
(C) ઉત્પ્રેક્ષા
(D) રૂપક

205. નીચે પૈકી કઈ પંક્તિ નરસિંહ મહેતાની નથી ?

1. શ્યામ રંગ સમીપે ન જાવું, સખી ! મારે શ્યામ રંગ સમીપે ન જાવું....
2. આ જોને, સખી ! શામળિયો રે રમે વૃદાંવન માંહે રે...
3. જદુપતિનાથ તે મિત્ર છે તમ તણા, જાઓ વેગે કરી કૃષ્ણ પાસે...
4. એવા રે અમો એવા રે એવા, વળી તમો કહો છો તેવા રે...

(A) 3
(B) 4
(C) 2
(D) 1

206. પ્રેમાનંદરચિત 'નળાખ્યાન'નો કથાસ્રોત કયો છે ?

(A) મહાભારત
(B) શ્રીમદ્ ભાગવત
(C) શિવ પુરાણ
(D) ગરુડ પુરાણ

207. 'અનુભવબિંદુ'નો મુખ્ય વિષય શું છે ?

(A) સ્વરૂપાનુસંધાન
(B) પરબ્રહ્મસ્વરૂપવર્ણન
(C) પરચિત્તકાયાપ્રવેશ
(D) નિજસુખાદિવિવશભાવ

208. 'મદનમોહના'ની સંરચનામાં કઈ પ્રયુક્તિ યોજાઈ નથી ?

(A) છપ્પા
(B) ચોપાઈ
(C) દુહા
(D) સોરઠા

209. 'સરસ્વતીચંદ્ર' ભાગ - 1થી 4નાં પ્રકાશનવર્ષની સાચી વિગત પસંદ કરો.

(A) ઈ.સ. 1890 - 1895 - 1900 - 1903
(B) ઈ.સ. 1885 - 1890 - 1896 - 1899
(C) ઈ.સ. 1887 - 1892 - 1898 - 1901
(D) ઈ.સ. 1880 - 1885 - 1890 - 1895

210. 'ગુજરાતનો નાથ' કૃતિમાં કેટલા વિભાગ છે ?

(A) ત્રણ
(B) ચાર
(C) પાંચ
(D) અખંડ

211. 'નાયક નહિ, નાયિકા નહિ, પ્રેમનો ત્રિકોણ નહિ' – એવી કૃતિ કઈ છે ?

(A) સોરઠ તારાં વહેતાં પાણી
(B) વળામણાં
(C) ઝેર તો પીધાં છે જાણી જાણી
(D) માણસાઈના દીવા

212. 'માનવીની ભવાઈ' કૃતિમાં કેટલાં પ્રકરણો છે ?

(A) 36
(B) 35
(C) 38
(D) 39

213. સુરેશ જોષીએ કઈ કૃતિને 'લખવા ધારેલી નવલકથાના મુસદ્દા' તરીકે ઓળખાવી છે ?

(A) કિંચિત્
(B) અરણ્યરુદન
(C) મરણોત્તર
(D) છિન્નપત્ર

214. ‘કુરુક્ષેત્ર’નો પ્રકાશન ગાળો કયો છે ?

(A) 1925-40
(B) 1926-40
(C) 1924-40
(D) 1923-40

215. ‘પેરેલિસિસ’ કૃતિના નાયક વ્યવસાયે શું છે ?

(A) પ્રૉફેસર
(B) ડૉક્ટર
(C) વકીલ
(D) કારકુન

216. નીચે પૈકી કયું પાત્ર ‘અમૃતા’નું નથી ?

(A) ઉદયન
(B) અમૃતા
(C) ચારુ
(D) અનિકેત

217. ‘કામિની’ કૃતિનું મુખ્ય પાત્ર કોણ છે ?

(A) શેખર સિંહ
(B) શેખર સલ્લા
(C) શેખર ભાટિયા
(D) શેખર ખોસલા

218. ‘પૂર્વાલાપ’નાં કાવ્યોમાં નીચે પૈકી કયો વિષય નથી ?

(A) દામ્પત્યપ્રેમ
(B) દેશપ્રેમ
(C) વ્યક્તિપ્રેમ
(D) મિત્રપ્રેમ

219. રાજેન્દ્ર શાહનો પ્રથમ કાવ્યસંગ્રહ કયો ?

(A) વિષાદને સાદ
(B) ચિત્રણા
(C) શાંત કોલાહલ
(D) ધ્વનિ

220. ‘રે આજ આષાઢ આયો’ – પ્રસિધ્ધ ગીતરચના કયા કાવ્યસંગ્રહની છે ?

(A) અલ્પવિરામ
(B) કિન્નરી
(C) છંદોલય
(D) 33 કાવ્યો

221. ‘અથવા’ સંગ્રહમાં કેવાં કાવ્યો છે ?

(A) ગદ્યકાવ્યો
(B) પદ્યકાવ્યો
(C) ખંડકાવ્યો
(D) દીર્ઘકાવ્યો

222. ‘અંગત’ રાવજી પટેલનો કેવો કાવ્યસંગ્રહ છે ?

(A) તૃતીય
(B) અનૂદિત
(C) સંપાદિત
(D) મરણોત્તર

223. ‘મગનકાવ્યો’ કયા કાવ્યસંગ્રહમાં ગ્રંથસ્થ થયાં છે ?

(A) જટાયુ
(B) ઓડિસ્યુસનું હલેસું
(C) મોંએ-જો-દડો
(D) પ્રલય

224. ‘ફાર્બસવિરહ’ની મહત્ત્વની લાક્ષણિકતા કઈ છે ?

(A) શૃંગારવર્ણન
(B) પ્રકૃતિવર્ણન
(C) આત્મવર્ણન
(D) નગરવર્ણન

225. કાકાસાહેબ કાલેલકરનાં પુસ્તક 'સ્મરણયાત્રા'માં જીવનના કયા તબક્કાની વાતો વર્ણવાઈ છે ?

(A) જાહેર જીવન
(B) વિદ્યાર્થી અવસ્થા
(C) વૈવાહિક જીવન
(D) બાળપણ

226. સુરેશ જોષીના 'જનાન્તિકે'માં કયા સમયગાળામાં લખાયેલા નિબંધો સંગ્રહિત થયા છે ?

(A) 1955 થી 1964
(B) 1955 થી 1960
(C) 1955 થી 1965
(D) 1955 થી 1961

227. નીચે પૈકી કઈ એકાંકી 'સાપના ભારા' સંગ્રહમાં નથી ?

(A) ઢેડના ઢેડ ભંગી
(B) માને ખોળે
(C) ગાજરની પિપુડી
(D) ખેતરને ખોળે

228. 'સમૂળી ક્રાંતિ' કોનું પુસ્તક છે ?

(A) જવાહરલાલ નહેરુ
(B) ગાંધીજી
(C) કિશોરલાલ મશરૂવાળા
(D) મહાદેવભાઈ દેસાઈ

229. 'એગામેમ્નોન' કથાનો નાયક કોણ હતો ?

(A) ગ્રીક રાજા અને સેનાપતિ
(B) રોમન સામ્રાજ્યનો ચક્રવર્તી સમ્રાટ
(C) એરિસ્ટોટલનો સહયોગી
(D) પ્રાચીન ગ્રીસનો તત્વચિંતક

230. 'ડિવાઇન કોમેડી' કાવ્યમાં કયો વિષય પ્રમુખ છે ?

(A) 'એનલાઈટેન્મેન્ટ' યુગના પરિવર્તનની
(B) મૃત્યુ બાદના અનુભવોની
(C) એક પાદરીની જીવનકથાની
(D) પ્રાકૃતિક જીવનશૈલીની

231. 'ઓથેલો' કૃતિનો નાયક કથાના અંતે -

(A) શાસકનાં પદ પર આરૂઢ થાય છે
(B) આત્મહત્યા કરે છે
(C) સેનાનાયક તરીકે જીવન શરૂ કરે છે
(D) પત્ની દ્વારા મૃત્યુ પામે છે

232. 'ધ વેસ્ટલેન્ડ' કાવ્યમાં કવિનો મુખ્ય હેતુ

(A) પ્રથમ વિશ્વયુદ્ધ પછીની સામાજિક અને નૈતિક સ્થિતિનું વિવરણ કરવાનો છે
(B) 19મી સદીનાં સામાજિક પરિવર્તનોનું વિશ્લેષણ અને અનુમોદન કરવાનો છે
(C) માર્ક્સવાદી ક્રાંતિથી ચીનમાં આવેલા વિનાશને દર્શાવાનો છે
(D) ઈંગ્લેન્ડની સામંતશાહી વ્યવસ્થાના વિઘટનથી ઉભા થયેલા પડકારને ઉજાગર કરવાનો છે

233. 'રસકોલનિકોવ' પાત્ર કયા લેખકની કૃતિમાં રચાયેલું છે ?

(A) ચેખોવ
(B) ટોલ્સટોય
(C) દોસ્તોયેવસ્કી
(D) સોલ્ઝેનિત્સિન

234. 'વન હન્ડ્રેડ ઈયર્સ ઓફ સોલિટ્યુડ' નવલકથામાં કયા સો વર્ષનો ગાળો કથાની પશ્ચાદભૂમાં છે ?

(A) 1850 થી 1950
(B) 1760 થી 1860
(C) 1800 થી 1900
(D) 1820 થી 1920

235. ‘માદામ બોવરી’ નવલકથાનું શીર્ષક જે પાત્રને સૂચવે છે તેનું મૂળ નામ શું છે ?

(A) એમ્મા બોવરી
(B) એડવિના બોવરી
(C) એલેકઝાન્ડ્રિયા
(D) નતાશા

236. ‘વેઈટિંગ ફોર ગોદો’ એ નાટક કયા પ્રકારનાં સાહિત્યની પ્રતિનિધિરૂપ કૃતિ ગણાય છે ?

(A) રોમેન્ટિક
(B) એબ્સર્ડ
(C) અનુઆધુનિક
(D) પ્રશિષ્ટ

237. ‘મેટામોર્ફોસિસ’ નવલકથાના મુખ્ય પાત્રનું નામ શું છે ?

(A) નિકોલસ વાઈટ
(B) હેનરિક રિગ્સ
(C) ગ્રેગર સમસા
(D) રિચાર્ડ મેકગ્રોથ

238. ‘યુલિસિસ’ કઈ બાબતે ખૂબ જાણીતું છે ?

(A) છંદ અને ગેયતા
(B) નાટ્યાત્મક એકોક્તિ
(C) અલંકાર અને પ્રતીક
(D) ઉપરનું એકે નહીં

239. ‘ફાઉસ્ટ’ની કથા કઈ વ્યક્તિથી પ્રેરિત છે ?

(A) મિલ જ્યોર્જ ફાઉસ્ટ
(B) મિખાઈલ જ્યોર્જ ફાઉસ્ટ
(C) માઈકલ જ્યોર્જ ફાઉસ્ટ
(D) જ્હોન જ્યોર્જ ફાઉસ્ટ

240. ‘ત્રણ બહેનો’ નાટકની પ્રથમ ભજવણી ક્યાં થઈ હતી ?

(A) મોસ્કો આર્ટ થિયેટર
(B) અમેરિકા આર્ટ થિયેટર
(C) લંડન આર્ટ થિયેટર
(D) રશિયા આર્ટ થિયેટર

241. મેમરી ઑફ ધ વર્લ્ડઝ રજિસ્ટરમાં ‘એ ડોલ્સ હાઉસ’ને કઈ સંસ્થાએ સંગ્રહિત કરી છે ?

(A) UGC
(B) UNO
(C) UNESCO
(D) UNICEF

242. ‘વેઇટિંગ ફૉર ગોદો’નું સ્વરૂપ શું છે ?

(A) નીચે પૈકી એક પણ નહીં
(B) કોમેડી
(C) ટ્રેજડી
(D) ટ્રેજીકોમેડી

243. ‘ધ ઓલ્ડ મેન એન્ડ ધી સી’ કૃતિનું કથાબીજ શું છે ?

(A) પ્રણય
(B) લડાઈ
(C) દેશપ્રેમ
(D) ઉપર પૈકી એક પણ નહીં

244. ‘ધ કાસલ’ના મુખ્ય પાત્રનું નામ શું છે ?

(A) કે
(B) એ
(C) સી
(D) ઉપર પૈકી એક પણ નહીં

245. ‘દુઈનો એલેજીઝ’ના કવિ કોણ છે ?

(A) વર્ડઝવર્થ
(B) આર્નલ્ડ
(C) રિલ્કે
(D) બોદલેર

246. 'ધ ફ્લાઈઝ'ના લેખક કોણ છે ?

(A) કામ્યૂ
(B) સાર્ત્ર
(C) કાફ્કા
(D) ઉપર પૈકી એક પણ નહીં

247. કર્તા સાથે એની કૃતિ જોડો.

| કર્તા | કૃતિ |
|---|---|
| (ક) જયંતિ દલાલ | (ચ) સમયદ્વીપ |
| (ખ) ચૂનીલાલ મડિયા | (છ) કલ્પતરુ |
| (ગ) મધુ રાય | (જ) સધરા જેસંગનો સાળો |
| (ઘ) ભગવતીકુમાર શર્મા | (ઝ) ઘીમુ અને વિભા |

(A) ક - ઝ, ખ - જ, ગ - છ, ઘ - ચ
(B) ક - ચ, ખ - છ, ગ - જ, ઘ - ઝ
(C) ક - છ, ખ - ચ, ગ - ઝ, ઘ - જ
(D) ક - જ, ખ - ઝ, ગ - ચ, ઘ - છ

248. **'Pocket Theatre'** તરીકે નીચે પૈકી કયું સાહિત્યસ્વરૂપ જાણીતું છે ?

(A) એકાંકી
(B) નાટક
(C) લઘુનવલ
(D) નવલકથા

249. વિધાન વિશે તમારું મંતવ્ય આપો. ''નવલકથામાં જે ક્રમશઃ ઉત્ક્રાંત થતું આવે છે તે ટૂંકી વાર્તામાં એક ઝબકારમાં પ્રકટ થઈ જાય છે...'' – સુમન શાહ

(A) સાચું
(B) ખોટું
(C) અસ્પષ્ટ
(D) અસંગત

250. ગ્રીક નાટકકાર એરિસ્ટોફેનિસના પ્રહસન 'પ્લુટસ'ના અંગ્રેજી અનુવાદ પરથી ગુજરાતીમાં કયું નાટક લખાયું ?

(A) મિથ્યાભિમાન
(B) ગુલાબ
(C) લક્ષ્મી
(D) ભટનું ભોપાળું

251. કર્તા સાથે એની કૃતિ જોડો.

| કર્તા | કૃતિ |
|---|---|
| (1) સતીશ વ્યાસ | (5) – અને હું |
| (2) ચિનુ મોદી | (6) નો પાર્કિંગ |
| (3) શ્રીકાંત શાહ | (7) ત્રીજો પુરુષ |
| (4) રઘુવીર ચૌધરી | (8) હુકમ માલિક |

(A) 1 - 5, 2 - 6, 3 - 7, 4 - 8
(B) 1 - 7, 2 - 5, 3 - 8, 4 - 6
(C) 1 - 6, 2 - 8, 3 - 5, 4 - 7
(D) 1 - 8, 2 - 7, 3 - 6, 4 - 5

252. **"It is myself I portray"** (''હું મારી જાતને આલેખું છું. '') - આ વિધાન કોનું છે ?

(A) મોન્ટેઈન
(B) પાબ્લો પિકાસો
(C) રિલ્કે
(D) ગ્યુઇથે

253. આત્મચરિત્ર લખવાની પ્રેરણાનું મૂળ શેમાં રહેલું છે ?

(A) આત્મ-વિવરણ
(B) આત્મ-આવિષ્કરણ
(C) આત્મશ્લાઘા
(D) આત્મરતિ

254. 'નર્મદ: અર્વાચીનોમાં આદ્ય' – પુસ્તકના લેખક કોણ છે ?

(A) રમણભાઈ નીલકંઠ
(B) નવલરામ
(C) વિશ્વનાથ મ. ભટ્ટ
(D) કનૈયાલાલ મુનશી

255. ઝવેરચંદ મેઘાણી કયા સાહિત્યને 'ધરતીનું ધાવણ' કહીને ઓળખાવે છે ?

(A) લોકસાહિત્ય
(B) નવલકથા
(C) નાટક
(D) આત્મકથા

256. સંસ્કૃત સાહિત્યશાસ્ત્રમાં મહાકાવ્યનું પહેલું વર્ણન કોણે કર્યું છે ?

(A) રુદ્રટ
(B) દંડી
(C) ભામહ
(D) આનંદવર્ધન

257. સાહિત્યસ્વરૂપ આખ્યાન ગુજરાતીમાં કેટલાં વર્ષો સુધી ખેડાતું રહ્યું ?

(A) 500
(B) 400
(C) 300
(D) 600

258. નીચે પૈકી કયું પદ્યવાર્તાનું લક્ષણ નથી ?

(A) કથા
(B) ઐહિક જીવન
(C) અદ્‌ભુત રસ
(D) કરુણ રસ

259. રાસ સ્વરૂપનું ખેડાણ મુખ્યત્વે કયા કવિઓએ વિશેષ કર્યું છે ?

(A) જૈન
(B) જૈનેતર
(C) પારસી
(D) વૈષ્ણવ

260. ફાગુ(ફાગ) કયા પ્રસંગે ખેલાતા ?

(A) નીચે પૈકી એક પણ નહીં
(B) શરદોત્સવ
(C) વસંતોત્સવ
(D) નવરાત્રિ

261. નીચે પૈકી કઈ સંજ્ઞા ખંડકાવ્યના વિકલ્પે પ્રયોજવામાં આવી નથી ?

(A) પ્રસંગકાવ્ય
(B) ખંડકકાવ્ય
(C) પ્રસંગ પર આધારિત લઘુકાવ્ય
(D) કથનોર્મિકાવ્ય

262. પેટ્રાર્કશાઈ સૉનેટમાં નીચે પૈકી કઇ પ્રાસયોજના કરવામાં આવે છે ?

(A) અષ્ટક baba baba – ષટ્‌ક ccdccd
(B) અષ્ટક abab abab – ષટ્‌ક dccdcc
(C) અષ્ટક baab baab – ષટ્‌ક dcddcd
(D) અષ્ટક abba abba – ષટ્‌ક cdccdc

263. 'લિરિક' શબ્દ કયા દેશના તંતુવાદ્ય (Lyre)માંથી વ્યુત્પન્ન થયો છે ?

(A) ગ્રીક
(B) ચીન
(C) ફ્રાન્સ
(D) જર્મની

264. 'ઈર્શાદ' ઉપનામ કયા ગઝલકારનું છે ?

(A) રશીદ મીર
(B) ખલીલ ધનતેજવી
(C) ચિનુ મોદી
(D) હરીન્દ્ર દવે

265. 'પાંદડાંએ, લે ! મને ઊભી રાખી...
પછી અમથી, પછી તમથી, પછી સાચ્ચુકલી વાત કરી આપી...' – આ ગીતના કવિ કોણ છે ?

(A) પ્રિયકાંત મણિયાર
(B) વિનોદ જોશી
(C) અનિલ જોશી
(D) પ્રહલાદ પારેખ

266. નીચે પૈકી કયું લોકગીત નથી ?

(A) હું તો ગઈ'તી મેળે...
(B) ઊંચી તળાવડીની કોર...
(C) પાણી ગ્યા'તા રે...
(D) ઈંધણા વીણવા ગઈ'તી મોરી સહિયર...

267. અછાંદસ કાવ્ય કેવું હોય ?

(A) છંદમુક્ત
(B) છંદોબધ્ધ
(C) છાંદસ
(D) ઉપર પૈકી એક પણ નહીં

268. સાહિત્યમાં સંશોધન કઈ પધ્ધતિ(ઓ)થી કરી શકાય ?

(A) **Qualitative** (ગુણદર્શી)
(B) **Quantitative** (સંખ્યાદર્શી)
(C) **Qualitative** અને **Quantitative**
(D) ઉપર પૈકી એક પણ નહીં

269. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વિશે નીચે પૈકી કયા વિદ્વાને સંશોધન કર્યું છે ?

(A) જયંત કોઠારી
(B) બળવંતરાય ઠાકોર
(C) ઉમાશંકર જોશી
(D) સુરેશ જોષી

270. નીચે પૈકી કયા વિદ્વાને 'તુલનાત્મક સાહિત્ય' વિશે લખ્યું છે ?

(A) ફ્રેડરિક એંગલ્સ
(B) રેને વેલેક
(C) વર્જિનિયા વુલ્ફ
(D) ઉપર પૈકી એક પણ નહીં

271. નીચે પૈકી કયા અભિગમો તુલનાત્મક સાહિત્ય અભ્યાસમાં પ્રચલિત છે ?

(A) ભારતીય અને રશિયન
(B) જર્મન અને અમેરિકન
(C) ફ્રેંચ અને રશિયન
(D) ફ્રેંચ અને અમેરિકન

272. '**weltliteratur**' શબ્દ કયા સાહિત્યને સૂચવે છે ?

(A) વિપુલસાહિત્ય
(B) વિશ્વસાહિત્ય
(C) ઉપખંડીયસાહિત્ય
(D) ઉપર પૈકી એક પણ નહીં

273. સાહિત્યિક અભ્યાસમાં તુલના વિશે શું મનાય છે ?

(A) આવકાર્ય છે
(B) અસ્વીકાર્ય છે
(C) તિરસ્કરણીય છે
(D) ઉપર પૈકી એક પણ નહીં

274. તુલનાત્મક સાહિત્યિક અભ્યાસ માટે શું અનિવાર્ય છે ?

(A) પ્રવાસ
(B) સંપાદન
(C) અનુવાદ
(D) ઉપર પૈકી એક પણ નહીં

275. પ્લેટોએ કલા અને કવિતા વિશેના તેના વિચારો કયા સ્વરૂપે લખ્યા છે ?
(A) નિબંધો
(B) સંવાદો
(C) મહાકાવ્ય
(D) પ્રસંગકથાઓ

276. પ્લેટો કાવ્ય વિશે શું માને છે ?
(A) અસત્યને જન્મ આપનાર
(B) વિવેક અને સત્યનું પૂંજ
(C) શાસક વર્ગના નૈતિક શિક્ષણ માટે અનિવાર્ય ઘટક તરીકે
(D) આદર્શ સમાજના આધાર તરીકે

277. એરિસ્ટોટલનાં કાવ્યશાસ્ત્ર મુજબ 'ટ્રેજેડી'માં સૌથી મહત્ત્વના બે ઘટકો કયાં છે ?
(A) વિચાર અને શૈલી
(B) ગીત અને સંગીત
(C) પ્લોટ અને કેરેક્ટર
(D) ભવ્યતા અને ચમત્કૃતિ

278. દેરિદાના 'ડિકન્સટ્રક્શન'ના વિચારે નીચે પૈકી કયા વિવેચન વિચાર-પ્રવાહનો વિરોધ કર્યો ?
(A) સંરચનાવાદ
(B) પ્લેટોનિઝમ
(C) માર્કસવાદ
(D) ઉપરના તમામ

279. નીચે પૈકી કયું પુસ્તક રાધેશ્યામ શર્માએ લખ્યું છે ?
(A) વિવેચન વિધિ
(B) વિવેચનની કલા
(C) વિવેચન સમક્ષ
(D) ઉપર પૈકી એક પણ નહીં

280. ફ્રેન્ચ પ્રતીકવાદી કવિતા અને પ્રતીકવાદ પર કોણે પુસ્તક લખ્યું છે ?
(A) શિરીષ પંચાલ
(B) ચંદ્રકાન્ત ટોપીવાળા
(C) સુમન શાહ
(D) જયંત કોઠારી

281. 'નભોવિહાર' પુસ્તકના લેખક કોણ છે ?
(A) ઝવેરચંદ મેઘાણી
(B) રામનારાયણ પાઠક
(C) સુન્દરમ્
(D) ઉમાશંકર જોશી

282. "જ્ઞાનગત સત્યો તો ગોચર છે જ, એને પ્રગટ કરવામાં કળાનો વિશેષ રહેલો નથી. કળાનો વિશેષ રૂપવિધાનમાં છે, નવ-નિર્માણમાં છે." - આ વિધાન કયા ગુજરાતી સાહિત્યકારનું છે ?
(A) ગુલામમોહમ્મદ શેખ
(B) સુરેશ જોષી
(C) સિતાંશુ યશશ્ચન્દ્ર
(D) ભોગીલાલ સાંડેસરા

283. ભારતીય કાવ્યસાહિત્યના રસ-સિધ્ધાંત વિશે મહત્ત્વનો ગ્રંથ કોણે લખ્યો ?
(A) પ્રમોદકુમાર પટેલ
(B) પન્નાલાલ પટેલ
(C) વિપીન પરીખ
(D) સુરેશ દલાલ

284. સુમન શાહના કયાં પુસ્તકને સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું છે ?
(A) જૅન્તી-હંસા સિમ્ફની
(B) અવરશુંકેલુબ
(C) ફટફટિયું
(D) ખડકી

285. 'જોડણી વિશે નિબંધ' – આ લેખ કોનો છે ?

(A) નવલરામ
(B) નર્મદ
(C) ગોવર્ધનરામ ત્રિપાઠી
(D) નરસિંહરાવ દિવેટિયા

286. ફ્રેંચ પ્રહસનકાર મૉલિયેરના નાટકનું નવલરામે કરેલું રૂપાંતર કયું છે ?

(A) વીરમતી
(B) ભટનું ભોપાળું
(C) એક બાળાનું લગ્ન
(D) હવે બસ થયું

287. ભવિષ્ય આજ્ઞાર્થ વાક્ય – રાત્રે દરવાજો બંધ કરજે – નું સાદું આજ્ઞાર્થ વાક્ય શું થશે ?

(A) દરવાજો બંધ કર.
(B) દરવાજો બંધ છે.
(C) દરવાજો બંધ
(D) ઉપર પૈકી એક પણ નહીં

288. મહાબાહુ – સમાસ ઓળખો.

(A) કર્મધારય
(B) તત્પુરષ
(C) બહુવ્રીહિ
(D) ઉપર પૈકી એક પણ નહીં

289. **"Comparative literature as an academic subject was unknown in India until 1956, when it was introduced at Jadavpur University, Calcutta".** - આ જાણીતું વિધાન કોનું છે ?

(A) અશ્વિન દેસાઈ
(B) ધીરુ પરીખ
(C) સુનીલ ગંગોપાધ્યાય
(D) બુધ્ધદેવ બસુ

290. તુલનાત્મક સાહિત્યમાં અસરોના અભ્યાસમાં નીચે પૈકી કયું બિંદુ મહત્ત્વનું નથી ?

(A) પ્રેષક પક્ષ
(B) માધ્યમ પક્ષ
(C) મધ્યસ્થ પક્ષ
(D) ગ્રાહક પક્ષ

291. સુમન શાહનાં પુસ્તક 'સાહિત્યમાં આધુનિકતા'માં 'કેમ્પ' સંજ્ઞા વિશે કયા લેખકના અનુવાદને પ્રગટ કરવામાં આવ્યો છે ?

(A) સુસાન સૉન્ટાગ
(B) આન્દ્રે બ્રેંતો
(C) એપોલિનેર
(D) રૅમ્બો

292. 'સાહિત્યમાં આધુનિકતા' પુસ્તક સુમન શાહે કોને અર્પણ કર્યું છે ?

(A) ગુરૂઓને...
(B) રશ્મીતા શાહને...
(C) વિદ્યાર્થી-અધ્યાપકોનેપ
(D) સ્વજનો-મિત્રોને...

293. 'સુરેશ જોષીથી સુરેશ જોષી' પુસ્તકમાં સુમન શાહ સુરેશ જોષીની વાર્તાઓનાં કયાં સ્થિત્યંતરનો ઉલ્લેખ કરતા નથી ?

(A) સન્નિધીકરણ
(B) કલ્પન
(C) પ્રતીક
(D) પ્રકૃતિ

294. સુરેશ જોષીનાં રૂપ વિશેનાં ગૃહીતો આપતી વખતે સુમન શાહ 'સુરેશ જોષીથી સુરેશ જોષી' પુસ્તકમાં કયાં ગૃહીતનો ઉલ્લેખ કરતા નથી ?

(A) રૂપ વિલક્ષણ પ્રકારની વિધાયક શક્તિ છે.
(B) રૂપ સ્વયંભૂ છે.
(C) રૂપ સ્વયંપર્યાપ્ત અને અદ્વિતીય છે.
(D) રૂપ ભાવકના રસાસ્વાદની સામગ્રી છે.

295. 'સંશોધન વિશે' પુસ્તકમાં સુમન શાહ કહે છે કે ''શોધ-સંશોધનની 'વૈજ્ઞાનિક પદ્ધતિ' – સાયન્ટિફિક મૅથડ ઓફ ઈન્કવાયરી – એ .......... ની દેણ છે.''

(A) નવ્ય વિવેચન

(B) ભાષાવિજ્ઞાન

(C) રીનેસાંસ

(D) સંરચનાવાદ

296. સુમન શાહ 'સંશોધન વિશે' પુસ્તકમાં સંશોધનનાં કયાં કાર્યને તબક્કાની ભૂમિકાએ લઈ જતા નથી ?

(A) ડીસ્ક્રીપ્શન

(B) ડીફાઈનિન્ગ

(C) ઍક્સ્પ્લીકેશન

(D) કન્સેપ્ચ્યુઆલિઝેશન

297. કર્તા સાથે એની કૃતિ જોડો.

| કર્તા | કૃતિ |
|---|---|
| (1) શિવકુમાર જોશી | (5) અસ્તી |
| (2) મુકુન્દ પરીખ | (6) અજાણ્યાં બે જણ |
| (3) શ્રીકાન્ત શાહ | (7) વસંતનું એ વન |
| (4) મોહમ્મદ માંકડ | (8) મહાભિનિષ્ક્રમણ |

(A) 1 - 6, 2 - 5, 3 - 7, 4 - 8

(B) 1 - 8, 2 - 6, 3 - 8, 4 - 7

(C) 1 - 5, 2 - 7, 3 - 5, 4 - 5

(D) 1 - 7, 2 - 8, 3 - 5, 4 - 6

298. "Literature is the criticism of Life". – આ પ્રસિધ્ધ અવતરણ કોનું છે ?

(A) રિલ્કે

(B) મૅથ્યુ આર્નલ્ડ

(C) શેક્સપિઅર

(D) ઉપર પૈકી કોઈ પણ નહીં

299. ધીરુભાઈ ઠાકર લિખિત ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ કેટલાં ભાગમાં (પુસ્તકોના રૂપે) ઉપલબ્ધ છે ?

(A) 4

(B) 6

(C) 5

(D) 3

300. નીચે પૈકી કઈ લાક્ષણિકતા ગુજરાતી સાહિત્યના અનુઆધુનિક યુગ સાથે સંકળાયેલી નથી ?

(A) ભિન્ન-ભિન્ન ઓળખોનાં સાહિત્યનું સર્જન

(B) રૂપરચનાની સરખામણીમાં સામગ્રીને વિશેષ મહત્ત્વ

(C) ઓળખ વિકસાવવાના સાધન તરીકે ભાષા અને બોલીનો વિનિયોગ

(D) સામગ્રીના નિગરણનો અને રૂપનિર્મિતિનો આગ્રહ